| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ**<br>**SMC/DTP/FAP/**<br>**/2013-14**<br>**Dt: -05-13** |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદારઃ** **શ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર.પી. પટેલ**

**ટાઉન પ્લાનીંગ ખાતુ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળની અંદર આવરી લેવાયેલ વિસ્તારોના ઈ.સ.– ૨૦૦૦ ના વર્ષથી આજ સુધીમાં જે જે જમીનો ઉપર જે જે જરૂરીયાતો અર્થે ગુજરાત સરકારશ્રી તરફથી રીઝર્વેશન મુકવામાં / ઉઠાવી લેવામાં આવેલની પ્રમાણિત નકલો સહિતની સંપૂર્ણ માહિતી.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટની તા.૦૪–૦૩–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૦–૦૪–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૫ ના રોજ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ (ગાંધીનગર)ને તબદીલ.

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૬,

તા.૧૦–૦૪–૧૩ ના રોજ સેન્ટ્રલ ઝોન અને હાઉસીંગ વિભાગને તબદીલ.

(૪)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૦–૦૪–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૪૭.

(૫)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૦૦,

તા.૩૦–૦૪–૧૩.

(૬)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૪–૦૫–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૧૪.

(૭)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૮, તા. ૧૬–૦૫–૨૦૧૩.

અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટે ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૮–૦૩–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) થી મુદ્દા નં. (૪)ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને જુનીયર નગર નિયોજકશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગુહનિર્માણ વિભાગ, ગાંધીનગરને તા. ૧૦–૦૪–૨૦૧૩ના રોજ તબદીલ કરેલ. સંદર્ભ (૩) થી મુદ્દા નં. (૨)ની આંશીક માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન કચેરી અને હાઉસીંગ વિભાગને તા. ૧૦–૦૪–૨૦૧૩ના રોજ તબદીલ કરેલ. સંદર્ભ (૪) હેઠળથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. સંદર્ભ (૫) થી અરજદારને તા.૦૪–૦૫–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ થયેથી માંગેલ માહિતી આપવામાં આવેલ. સંદર્ભ (૬) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૪–૦૫–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૭) હેઠળના પત્રથી અરજદારને તા.૨૪–૦૫–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૨૪–૦૫–૧૩ ના રોજ અરજદાર/અપીલકર્તાશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ હાજર રહયા ન હતા. પરંતુ અન્યશ્રી મહેન્દ્ર એ. બ્રહમભટ્ટ તેમના વતી રજુઆત કરવા આવ્યા હતા. મહેન્દ્રભાઈએ એવુ જણાવ્યું હતુ કે દિનેશકુમાર સુરત શહેરમાં ન હોવાથી હાજર રહી શકે તેમ નથી. જેથી દિનેશકુમાર વતી મહેન્દ્રભાઈ હાજર રહયા છે. દિનેશકુમાર વતી રજુઆત કરવા બાબતે મહેન્દ્રભાઈ પાસે કોઈ પત્ર કે પુરાવા ન હતા. જેથી દિનેશકુમારના ઉપલબ્ધ મોબાઈલ નંબર ઉપર તેમનો સંપર્ક કરવામાં આવતા દિનેશકુમારે એવુ જણાવ્યું હતુ કે, તેમના વતી શ્રી મહેન્દ્રભાઈ બ્રહમભટ્ટ રજુઆત કરશે તે બાબતે તેમની સંમતિ છે અને તેની રજુઆત અમોને માન્ય રહેશે. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર.પી. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવા માટેના નીચે જણાવ્યા મુજબના કારણો જણાવેલ છે.**

" જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ માહિતીમાં રીઝર્વેશન ઉઠાવી લેવામાં આવ્યા હોય તે અંગે થયેલ દરખાસ્ત, પત્રવ્યવહારો, શેરા, નોંધ સહિતની માહિતી તથા કુલ કેટલા રીઝર્વેશનો મુકાયા અને ઉઠાવી લીધા તેની માહિતી છુપાવી તેમજ અધુરી માહિતી પુરી પાડેલ છે. ઉપરોકત માહિતી કાયદાની કલમ–૭(૬) હેઠળ પુરી પાડવા અપીલ કરેલ છે."

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારે સેન્ટ્રલ ઝોનમાં ડીલીટ થયેલ રીઝર્વેશનના પ્લોટોમાં બાંધકામોની વિગત મળેલ ન હોવાની રજુઆત કરેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારની આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૨) ની માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારીએ આર.ટી.આઈ. અરજીના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૪૬, તા. ૧૦–૦૪–૧૩થી ડીલીટ થયેલ રીઝર્વેશનના પ્લોટોમાં બાંધકામોની વિગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની માહિતી માટે સેન્ટ્રલ ઝોન કચેરી પ્રતિ તબદીલ કરવામાં આવેલ.

**–: હુકમ :–**

અરજદારશ્રીએ ઉપસ્થિત કરેલ અપીલની રજુઆત અરજદારશ્રીની માહિતી માંગતી મૂળ અરજીના પત્ર ક્રમાંકઃ ટીપીડી/આરટીઆઈ/૪૬, તા. ૧૦–૦૪–૧૩થી મૂળ અરજીના મુદ્દા નં. (૨) અન્વયેની ડીલીટ થયેલ રીઝર્વેશનના પ્લોટોમાં બાંધકામોની વિગત સેન્ટ્રલ ઝોન વિસ્તારની આંશિક માહિતી માટે સેન્ટ્રલ ઝોન કચેરી પ્રતિ તબદીલ કરવામાં આવેલ છે. જેથી, સેન્ટ્રલ ઝોન વિસ્તાર પૂરતી માહિતી સેન્ટ્રલ ઝોનમાંથી મેળવવાની રહેશે એવી સમજણ આપવામાં આવેલ. જે મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/ /2013-14**<br><br>**Dt: -05-13** |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદારઃ શ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, અશોકભાઈ એમ. ગઢવી**
**ટાઉન પ્લાનીંગ ખાતુ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** સુરત મહાનગરપાલિકા અને સુરત શહેરી વિકાસ સત્તામંડળની અંદર આવરી લેવાયેલ વિસ્તારોના ઈ.સ.– ૨૦૦૦ ના વર્ષથી આજ સુધીમાં જે જે જમીનો ઉપર જે જે જરૂરીયાતો અર્થે ગુજરાત સરકારશ્રી તરફથી રીઝર્વેશન મુકવામાં / ઉઠાવી લેવામાં આવેલની પ્રમાણિત નકલો સહિતની સંપૂર્ણ માહિતી.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટની તા.૦૪–૦૩–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૨–૦૪–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૪૯.

(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૪–૦૫–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૧૦.

(૪)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૭, તા. ૧૬–૦૫–૨૦૧૩.

અરજદારશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટે ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૮–૦૩–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) હેઠળથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૪–૦૫–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૨૪–૦૫–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૨૪–૦૫–૧૩ ના રોજ અરજદાર/અપીલકર્તાશ્રી દિનેશકુમાર એ. બ્રહમભટ્ટ હાજર રહયા ન હતા. પરંતુ અન્ય શ્રી મહેન્દ્ર એ. બ્રહમભટ્ટ તેમના વતી રજુઆત કરવા આવ્યા હતા. મહેન્દ્રભાઈએ એવુ જણાવ્યું હતુ કે દિનેશકુમાર સુરત શહેરમાં ન હોવાથી હાજર રહી શકે તેમ નથી. જેથી દિનેશકુમાર વતી મહેન્દ્રભાઈ હાજર રહયા છે. દિનેશકુમાર વતી રજુઆત કરવા બાબતે મહેન્દ્રભાઈ પાસે કોઈ પત્ર કે પુરાવા ન હતા. જેથી દિનેશકુમારના ઉપલબ્ધ મોબાઈલ નંબર ઉપર તેમનો સંપર્ક કરવામાં આવતા દિનેશકુમારે એવુ જણાવ્યું હતુ કે, તેમના વતી શ્રી મહેન્દ્રભાઈ બ્રહમભટ્ટ રજુઆત કરશે તે બાબતે તેમની સંમતિ છે અને તેમની રજુઆત અમોને માન્ય રહેશે. જાહેર માહિતી અધિકારી તેમજ ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર.પી. પટેલ, જુની. ઈજનેરશ્રી, ડી. સી. જીનવાલા અને આસી. ટાઉન પ્લાનર શ્રીમતી રચિતા દેસાઈ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવા માટેના નીચે જણાવ્યા મુજબના કારણો જણાવેલ છે.**

" જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ માહિતીમાં રીઝર્વેશન ઉઠાવી લેવામાં આવ્યા હોય તે અંગે થયેલ દરખાસ્ત, પત્રવ્યવહારો, શેરા, નોંધ સહિતની માહિતી તથા કુલ કેટલા રીઝર્વેશનો મુકાયા અને ઉઠાવી લીધા તેની માહિતી છુપાવી તેમજ અધુરી માહિતી પુરી પાડેલ છે. ઉપરોકત માહિતી કાયદાની કલમ–૭(૬) હેઠળ પુરી પાડવા અપીલ કરેલ છે."

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ—**

(૧) આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૩) મુજબ રીઝર્વેશનો અન્વયેના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર મંજુર વિકાસ નકશા—૨૦૦૪ મુજબના નોર્થ ઝોન અને અઠવા ઝોન વિસ્તારમાં રીઝર્વેશન ઉઠાવી લેવામાં આવેલ. તે અંગેના સરકારશ્રીના નોટીફીકેશન તેમજ પત્રવ્યવહારની નકલ મળેલ નથી.

(૨) અરજદારે ડીલીટ થયેલ રીઝર્વેશનના પ્લોટોમાં બાંધકામોની વિગત મળેલ ન હોવાની રજુઆત કરેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ—**

આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૩) મુજબ રીઝર્વેશનો અન્વયેના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર મંજુર વિકાસ નકશા—૨૦૦૪ મુજબના નોર્થ ઝોન અને અઠવા ઝોન વિસ્તારમાં ઉઠાવી લેવામાં આવેલ રીઝર્વેશનની યાદીની નકલ અરજદારને આપવામાં આવેલ છે.

**—: <u>હુકમ</u> :—**

અરજદારે રૂબરૂમાં કરેલ રજુઆતના મુદ્દા નં. (૧) અન્વયે મૂળ અરજી આર.ટી.આઈ. કલમ—૭(૧) હેઠળ અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરને અરજીના મુદ્દા નં. (૨) મુજબ રીઝર્વેશનો અન્વયેના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર મંજુર વિકાસ નકશા—૨૦૦૪ મુજબ અઠવા ઝોન સ્થિત રીઝર્વેશનો પૈકી સી—૨૨, પી—૧૪૨ ની વિગતો આર.ટી.આઈ એકટની કલમ—૭/૬ હેઠળ વિના મુલ્યે પૂરી પાડવા તથા નોર્થ ઝોન સ્થિત રીઝર્વેશનો પૈકી "પી—૪૫", "પી—૪૮", "પી—૫૦" સી—૧૭ની માહિતી સારૂ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ટાઉન પ્લાનરશ્રીને અરજદારશ્રીની મૂળ અરજી તાકીદે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (નોર્થ ઝોન)ને તબદીલ કરવા તેમજ મુદ્દા નં. (૩) મુજબ અઠવા ઝોન અને નોર્થ ઝોનમાં રીઝર્વેશન ઉઠાવી લેવામાં આવેલ હોય, તે અંગેના સરકારશ્રીના નોટીફીકેશન તેમજ પત્રવ્યવહારની નકલ આર.ટી.આઈ એકટની કલમ—૭/૬ હેઠળ વિના મુલ્યે અરજદારને તાકીદે આપવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ—૨૦૦૫ ની કલમ—૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર—૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

(૨૪)

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/**<br>**/2013-14**<br><br>**Dt: -05-13** |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદારઃ** **શ્રી ઉષાબેન નટવરલાલ સુખારામવાલા**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી,**

**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– સુરત સીટીના વોર્ડ નં. ૧૦ ના સીટી સર્વે નં. ૨૩૪૭/એ, કમાલગલી ચોક બજાર, મેઈનરોડ, સુરતની મિલ્કતની ૧.૭૩ ચો.મી.ની જગ્યા રસ્તા લાઈનદોરીમાં કઈ સાલ, વર્ષમાં રીઝર્વેશન હેઠળ મુકવામાં આવેલ, એવોર્ડના નાણાં કયારે આપવામાં આવશે, એવોર્ડનો ભાવ ચો.મી.દીઠ ગણવામાં આવશે, બજારકિંમત જંત્રી પ્રમાણે કરવામાં આવે છે કે કેમ? તેની સંપૂર્ણ વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી ઉષાબેન નટવરલાલ સુખારામવાલાની તા.૦૨–૦૩–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૪–૦૩–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૮૭૯.

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૨–૦૩–૧૩ના પત્રનં.ટીપીડી/ આરટીઆઈ/૯૦૮.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૪–૦૫–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૮.

(૫)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૧૯, તા. ૧૭–૦૫–૨૦૧૩.

અરજદારશ્રી ઉષાબેન નટવરલાલ સુખારામવાલાએ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા. ................. ના રોજ મળેલ. સંદર્ભ (૨) હેઠળથી અરજદારશ્રીને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. સંદર્ભ (૩) થી અરજદારને તા.૨૨–૦૩–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ કર્યેથી આપવામાં આવેલ. સંદર્ભ (૪) હેઠળ ના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૪–૦૫–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને તા.૨૪–૦૫–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૨૪–૦૫–૧૩ ના રોજ અરજદારશ્રી ઉષાબેન નટવરલાલ સુખારામવાલા હાજર હતા નહી અરજદારશ્રી સાથે ટેલીફોનિક ચર્ચા મુજબ તેમના વતી અરજદારશ્રીના પુત્ર સુનાવણીમાં હાજર રહેશે. ચંદ્રેશ નટવરલાલ સુખારામવાળા પાસે અરજદાર "નો ઓબ્જેકશન પત્ર" હતો નહી. ચંદ્રેશ નટવરલાલ સુખારામવાળા તથા જાહેર માહિતી અધિકારી તેમજ ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, આર.પી. પટેલ,સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ માહિતી અધિકાર હેઠળ નમુના નં. 'ક' માં માંગેલ માહિતીના, ના પેરા નં. ૨ થી ૪ નો સ્પષ્ટ જવાબ આપેલો નથી તેમજ તા. ૧૦–૦૫–૧૨ થી કરેલ દરખાસ્તમાં થયેલ કાર્યવાહીની નકલ નોંધથી માંડી હુકમ સુધીની કાર્યવાહીની નકલ પુરી પાડવા અપીલ કરેલ છે."

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૨) અને (૩) ની માહિતી અન્વયે મિલ્કતની કપાતમાં ગયેલ જગ્યા માટેના એવોર્ડનો ભાવ જંત્રી પ્રમાણે ગણવામાં આવે છે?

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. (૨) અને (૩) ની માહિતી અન્વયે મિલ્કતની કપાતમાં ગયેલ જગ્યા માટેના એવોર્ડનો ભાવની વિગત સંક્ષિપ્તમાં પુરી પાડેલ છે.

**–: હુકમ :–**

અરજદારે રૂબરૂમાં કરેલ રજુઆતના મુદ્દા નં. (૨) અને (૩) ની માહિતી અન્વયે ધી બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ મિલ્કતનો કબ્જો મળ્યા બાદનો ભાવ વેલ્યુએશન બાદ જંત્રી પ્રમાણે નહી આપતા બજારભાવ પ્રમાણે આપવામાં આવે છે. સદર માહિતી અંગે ઉપર મુજબ સમજણ આપવામાં આવેલ.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

(૨૫)

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br>SMC/DTP/FAP/ /2013-14<br>Dt: -06-13 |
| **ટાઉન પ્લાનર(બી)** |

**અરજદાર:** **શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય:–** સુરત મહાનગરપાલિકા વિરુધ્ધ ચાલતા / દાખલ કરેલ કેસો (ગુજરાત અને સુપ્રિમ હાઈકોર્ટ)માં નિકાલ થયેલ કેસોમાં પ્રશાંત જી. દેસાઈ, સીનીયર કાઉન્સેલર તરીકે રોકેલા હોય તો તેની સંપૂર્ણ માહિતી બાબત.

**સંદર્ભ:–** (૧) અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૫–૦૪–૧૩ની અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (એ)ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૨૦૬, તા.૦૩–૦૬–૧૩.

(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૦૪–૦૬–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં. ૧૯.

(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૨૩, તા. ૦૬–૦૬–૧૩.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૩–૦૫–૧૩ ના રોજ મળેલ.

સંદર્ભ (૨) થી અપીલ અધિકારી અને નગર નિયોજક(એ)ના તાબા હેઠળના ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ) અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૦૩–૦૬–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ થયેથી માંગેલ માહિતી પાઠવવામાં આવશે તેમ જણાવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૦૪–૦૬–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૦–૦૬–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧૦–૦૬–૧૩ ના રોજ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ હાજર રહયા ન હતા. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ. ડી. બંગલાવાલા, ડેપ્યુટી આર્કિટેકટશ્રી અનિલભાઈ બી. પટેલ તેમજ ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશ્વિન જી. ટેલર સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવા માટેના નીચે જણાવ્યા મુજબના કારણો જણાવેલ છે.**

" જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પુરી પાડેલ નથી, જાણી જોઈને માહિતી છુપાવી કાયદાનું ઉલ્લંઘન કર્યુ છે. ઉપરોકત માહિતી કાયદાની કલમ–૭(૬) હેઠળ પુરી પાડવા અપીલ કરેલ છે."

**–: <u>હુકમ</u> :–**

અરજદારની પ્રથમ અપીલ અરજીના અનુસંધાને અરજદારને સંદર્ભ (૪) હેઠળના અત્રેના પત્રથી તા.૧૦/૦૬/૨૦૧૩ ના રોજ રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા જણાવેલ. તેમ છતાં અરજદાર તા.૧૦/૦૬/૨૦૧૩ ના રોજ મુકરર કરેલ સુનવણી દરમ્યાન હાજર રહેલ નહી તેમજ તેઓશ્રી ધ્વારા તે બાબતે આજ દિન સુધી કોઈ પણ લેખિત / મૌખિક પ્રત્યુત્તર આપેલ નથી. ટાઉન પ્લાનીંગ વિભાગની અરજદારશ્રીની અરજી અન્વયેની તમામ માહિતી અપીલ અધિકારી અને નગર નિયોજક(એ)ના તાબા હેઠળના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ) ધ્વારા અરજદારની અરજી અન્વયે એકત્રિત કર્યા બાદ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. નગર નિયોજક(બી) તરીકે અપીલ અધિકારીશ્રીના તાબા હેઠળના જાહેર માહિતી અધિકારીશ્રીઓને તેઓની અરજી મળેલ નથી તથા અરજદારને જરૂરી માહિતી અન્વયે ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) અને જાહેર માહિતી અધિકારીએ પત્રવ્યવહાર કરેલ હોય, અરજદારશ્રીની પ્રથમ અપીલ અન્વયે કોઈ કાર્યવાહી કરવાની થતી નથી.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (ત્રણ) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર–૧૮ ગાંધીનગર–૩૮૨૦૧૮ લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(બી)**
**સુરત મહાનગરપાલિકા**

| **પ્રથમ અપીલ હુકમ નં.**<br>SMC/DTP/FAP/ /2012-13<br>Dt: - -2013 |
|---|
| **ટાઉન પ્લાનર** |

**અરજદારઃ** **શ્રી પ્રવિણચંદ્ર રંગીલદાસ કપાસિયાવાલા**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– આર.ટી.આઈ. આઈડી નં.૧૫૩૪, તા.૦૫/૧૧/૨૦૧૨ ના રોજથી માંગેલ માહિતી આપવાના બદલે અધુરી અને અપુરતી મીહતી આપેલ છે.

**સંદર્ભઃ**– (૧) અરજદાર શ્રી પ્રવિણચંદ્ર રંગીલદાસ કપાસિયાવાલાની તા.૦૫–૧૧–૧૨ ની આર.ટી.આઈ. અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૫૬, તા.૧૭–૧૧–૧૨.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૦૭, તા.૧૮–૧૨–૧૨.

(૪) રાજય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની અપીલ નં. અ–૧૨૪૭–૨૦૧૩ નો હુકમ.

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/અપીલ–૦૬, તા. ૨૨–૦૪–૧૩.

(૬) અરજદારશ્રીનો તા.૦૧/૦૫/૨૦૧૩ રોજનો પત્ર.

(૭) અત્રેનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./આ/૪, તા.૦૮/૦૫/૨૦૧૩.

અરજદારશ્રી પ્રવિણચંદ્ર રંગીલદાસ કપાસિયાવાલા ધ્વારા સંદર્ભ (૧) હેઠળની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળની અરજીથી વિગતો / માહિતી માંગેલ. અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે અત્રેના ઉપલ્બધ રેકર્ડ મુજબ અરજદારને આપવાની થતી નકલ માટે નકલ ફી ભરપાઈ કરી માહિતી મેળવી લેવા અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ. જે અન્વયે અરજદારે તા.૧૭/૧૨/૨૦૧૨ ના રોજ ભરવાની થતી નકલ ફી સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી તેની રસીદની નકલ રૂબરૂમાં અત્રે રજુ કરેલ જે મુજબ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારને ઉપલ્બધ રેકર્ડ મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ છે.

વધુમાં, અરજદાર ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા પાઠવેલ માહિતીના અનુસંધાનમાં અરજદાર ની તા.૦૫/૧૧/૨૦૧૨ ની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ ની અરજીના અનુસંધાને માહિતી પુરી પાડવા સારૂ ગુજરાત માહિતી આયોગ સમક્ષ રજુઆત કરેલ. જે બાબતે રાજય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત માહિતી આયોગ ધ્વારા સંદર્ભ (૪) હેઠળના હુકમથી વિવાદી શ્રી પ્રવિણચંદ્ર રંગીલદાસ કપાસિયાવાલા અને પ્રતિવાદી નં. (૨) જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ઈજનેરશ્રી સુરત મહાનગરપાલિકાને સાંભળવાની તક આપીને વિવાદીશ્રીની પ્રથમ અપીલનો અપીલ અધિકારીશ્રીએ નિર્ણય કરવા તા.૨૨/૦૪/૨૦૧૩ ના રોજ હુકમ કરેલ છે.

ગુજરાત માહિતી આયોગના હુકમના અનુસંધાને અરજદારને સંદર્ભ (૫) હેઠળના અત્રેના પત્રથી તા.૦૨/૦૫/૨૦૧૩ ના રોજ રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા જણાવેલ બાબતે અરજદાર ધ્વારા તા.૦૧/૦૫/૨૦૧૩ રોજના પત્રથી કરેલ રજુઆતથી વિદિત થઈ સુનવણીની તારીખ લંબાવી સંદર્ભ (૬) હેઠળનાં પત્રથી તા.૨૯/૦૫/૨૦૧૩ ના રોજ હાજર રહેવા જણાવેલ. સદર તારીખના રોજ મુકરર કરેલ સુનવણી દરમ્યાન હાજર રહેલ નહી તેમજ તેઓશ્રી ધ્વારા તે બાબતે આજ દિન સુધી કોઈ પણ લેખિત / મૌખિક પ્રત્યુત્તર આપેલ નથી.

અરજદારની મુળ અરજી, ગુજરાત માહિતી આયોગના હુકમ તેમજ ઉપરોકત હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિર્ણય કરવામાં આવે છે.

અરજદારની તા.૦૭/૦૩/૨૦૧૩ ની અપીલ અરજી જોતાં અરજદાર ધ્વારા તેમની તા.૦૫/૧૧/૨૦૧૨ ની અરજીના અનુસંધાને માહિતી પુરી પાડવા જણાવેલ છે. જે માટે અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી માહિતી / વિગતો પુરી પાડવામાં આવેલ છે. અરજદાર સુનવણીમાં હાજર રહેલ ન હોવાથી તેમજ તેમની તા.૦૫/૧૧/૨૦૧૨ ની અરજીના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ હોવાથી અરજદારની અપીલ અરજી બાબતે હવે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

જે મુજબ અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (ત્રણ) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર–૧૮ ગાંધીનગર–૩૮૨૦૧૮ લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(એ)**
**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.** |
| SMC/DTP/FAP/ /2013-14 |
| Dt: -06-13 |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદાર: શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**

**સામાવાળા: જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય:–** સુરત મહાનગરપાલિકા વિરુધ્ધ ચાલતા / દાખલ કરેલ કેસો (ગુજરાત અને સુપ્રિમ હાઈકોર્ટ)માં નિકાલ થયેલ કેસોમાં પ્રશાંત જી. દેસાઈ, સીનીયર કાઉન્સેલર તરીકે રોકેલા હોય તો તેની સંપૂર્ણ માહિતી બાબત.

**સંદર્ભ:–** (૧) અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૫–૦૪–૧૩ની અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (એ)ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૨૦૬, તા.૦૩–૦૬–૧૩.

(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૦૪–૦૬–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં. ૧૯.

(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૨૪, તા. ૧૦–૦૬–૧૩.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટે ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૩–૦૫–૧૩ ના રોજ મળેલ.

સંદર્ભ (૨) થી ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૦૩–૦૬–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ થયેથી માંગેલ માહિતી પાઠવવામાં આવશે તેમ જણાવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૦૪–૦૬–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૯–૦૬–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧૯–૦૬–૧૩ ના રોજ અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ હાજર રહયા ન હતા તથા તેઓએ અન્ય કોઈ મુદતની માંગણી પણ કરી નથી.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવા માટેના નીચે જણાવ્યા મુજબના કારણો જણાવેલ છે.**

" જાહેર માહિતી અધિકારી ધ્વારા માહિતી પુરી પાડેલ નથી, જાણી જોઈને માહિતી છુપાવી કાયદાનું ઉલ્લંઘન કર્યુ છે. ઉપરોકત માહિતી કાયદાની કલમ–૭(૬) હેઠળ પુરી પાડવા અપીલ કરેલ છે."

**–: <u>હુકમ</u> :–**

અરજદારની પ્રથમ અપીલ અરજીના અનુસંધાને અરજદારને સંદર્ભ (૪) હેઠળના અત્રેના પત્રથી તા.૧૦/૦૬/૨૦૧૩ ના રોજ રૂબરૂ સુનવણીમાં હાજર રહેવા જણાવેલ. તેમ છતાં અરજદાર તા.૧૦/૦૬/૨૦૧૩ ના રોજ મુકરર કરેલ સુનવણી દરમ્યાન હાજર રહેલ નહી તેમજ તેઓશ્રી ધ્વારા તે બાબતે આજ દિન સુધી કોઈ

પણ લેખિત / મૌખિક પ્રત્યુત્તર આપેલ નથી. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૨૦૬થી અરજદારને તા.૦૩–૦૬–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ થયેથી માંગેલ માહિતી પાઠવવામાં આવશે તેમ જણાવેલ. પરંતુ અરજદારશ્રી ધ્વારા નાંણા ભરપાઈ થયેલ ન હોવાથી માહિતી આપવામાં આવેલ નથી.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (ત્રણ) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર–૧૮ ગાંધીનગર–૩૮૨૦૧૮ લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br>SMC/DTP/FAP/ /2013-14<br>Dt: -06-13 |
| **ટાઉન પ્લાનર** |

**અરજદાર:** **શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય:–** ટી.પી.સ્કીમ નં. ૪, સર્વે નં. ૨૯૮, ફા.પ્લોટ નં. ૪૦ પૈકીની, પીપલોદ, ટી.પી.સ્કીમ નં. ૪, સર્વે નં. ૩૧૨ પૈકી, ફા.પ્લોટ નં. ૪૫, ટી.પી.સ્કીમ નં. ૪, સર્વે નં. ૨૯૦ અને ૨૯૧ પૈકી, ફા.પ્લોટ નં.૪૦ અને ૯ ની મિલ્કત મિલ્કત વેચાણ દસ્તાવેજથી આપ્યા અંગેની તારીખ, ઠરાવ નંબર, દસ્તાવેજ નોંધણી અને સાલ સહિતની માહિતીની નકલો બાબત.

**સંદર્ભ:–** (૧) અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૦–૦૪–૧૩ની અરજી આઈ.ડી.નં. ૧૬૬.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રીના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/ ૧૪૭, તા.૧૩–૦૫–૧૩.

(૩) અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૦૧–૦૬–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં. ૧૭.

(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૨૫, તા. ૧૦–૦૬–૧૩.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા. ૨૪–૦૪–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) થી જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૧૩–૦૫–૧૩ના રોજ માંગેલ માહિતી આપવામાં આવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૦૧–૦૬–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૯–૦૬–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧૯–૦૬–૧૩ ના રોજ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, વિજયભાઈ દેસાઈ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવા માટેના નીચે જણાવ્યા મુજબના કારણો જણાવેલ છે.**

" જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડેલ અધુરી માહિતીથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે."

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

જાહેર માહિતી અધિકારી ધ્વારા પુરી પાડેલ માહિતી ખોટી આપેલ છે તેમ જણાવેલ છે.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારની આર.ટી.આઈ. ની અરજી અન્વયે અરજીમાં જણાવ્યા મુજબ ટી.પી.સ્કીમ નં. ૪ (ઉમરા–સાઉથ), ફા. ૪૦/પૈકીમાં વેચાણથી કોઈ પ્લોટ આપવામાં આવેલ નથી તેમ જણાવેલ છે.

સદર બાબતે હાજર રહેલ જાહેર માહિતી અધિકારીએ રેકર્ડ સાથે હાજર રહી ચર્ચા કરીને જણાવેલ છે કે, અરજદારની પોતાની અરજી સ્પષ્ટ નથી, અનેક ક્ષતિયુકત છે. તેઓ કેટલીક જગ્યાએ સર્વે નંબર લખેલ છે, જયારે તે ખરેખર સીટી સર્વે નંબર છે અને જુની મિલકતો ટી. પી. ૪ માં આવેલ હોવાનો ઉલ્લેખ કરેલ છે, જયારે મિલકતો પીપલોદ ગામતળમાં આવેલ છે. વધુમાં અરજદારે સ્પષ્ટપણે "વેચાણ દસ્તાવેજ" આપવા જણાવેલ છે.

પરંતુ કોઈ વેચાણ દસ્તાવેજ થયેલ ન હોવાથી તે મુજબનો જવાબ આપેલ છે. ખરેખર હકીકતમાં તો અદલાબદલીનો દસ્તાવેજ થયેલ છે. જેની માંગણી અરજદાર ધ્વારા કરવામાં આવેલ નથી.

આ વિગતોની અરજદારને સ્પષ્ટતા કરીને જણાવતાં તેઓએ જે દસ્તાવેજ થયા હોય તેની નકલ આપવા અને તે મુજબ તેમની માંગણી સુધારા સહિતની ધ્યાને લેવા જણાવેલ છે. આમ, અરજદારે તેમની તા.૨૦–૦૪–૨૦૧૩ થી કરેલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ / હકીકત પ્રમાણેનો જવાબ નિયત સમયમર્યાદામાં તા.૧૩–૦૫–૨૦૧૩ ની સમયમર્યાદામાં કરેલ છે. અપીલની સુનવણી દરમ્યાન અરજદારે રેકર્ડ / સ્પષ્ટતા ધ્યાને લઈ રેકર્ડ આપવા માટે જે રજુઆત કરેલ છે તે રજુઆતને માહિતી માટેની અરજી તરીકે ધ્યાને લઈને માહિતી આપવાની થાય છે.

**–: <u>હુકમ</u> :–**

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૨૦–૦૪–૨૦૧૩ ની અરજી આઈ.ડી. નં. ૧૬૬ અન્વયે જાહેર માહિતી અધિકારીએ તા.૧૩–૦૫–૨૦૧૩ ના પત્ર નં. ટી.પી.ડી. /આર.ટી.આઈ/આ/૧૪૭ થી આપવામાં આવેલ જવાબ ધ્યાને લઈ ઉકત અરજીનો નિકાલ થયેલ હોવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં અપીલ અરજીના હિયરીંગ દરમ્યાન અરજદારશ્રીએ કરેલ રજુઆતને જાહેર માહિતીની અરજી તરીકે ધ્યાનમાં લઈ તે મુજબની માહિતી આપવા ધ્યાને લેવા તેમજ અપીલ અરજીના મુદ્દા નં. (૧) થી (૪) અંગેની ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડ / માહિતી પૈકીના પીપલોદ ગામતળના સીટી સર્વે નં. ૨૯૮, ૨૯૦, ૨૯૧, ૩૧૨, વાળી જગ્યાને ટી.પી.સ્કીમ નં. ૪ (ઉમરા–સાઉથ), ફા. પ્લોટ નં. ૪૦/પૈકીમાં ફાળવેલ સબપ્લોટના બદલાબદલીથી કરવામાં આવેલ દસ્તાવેજની નકલો આર.ટી.એકટની જોગવાઈઓ મુજબ અરજદારને / અપીલ કરનારને પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (ત્રણ) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર–૧૮ ગાંધીનગર–૩૮૨૦૧૮ લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

અપીલ અધિકારી અને

નગર નિયોજક(એ)

સુરત મહાનગરપાલિકા

| પ્રથમ અપીલ હુકમ નં. |
|---|
| SMC/DTP/FAP/ /2013-14 |
| Dt: -08-13 |
| ટાઉન પ્લાનર(બી) |

**અરજદાર:** **શ્રી નરેન્દ્ર ગણપતરામ ઘંટીવાલા**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકત:**

**વિષય:**– ટી.પી.સ્કીમ નં. ૪(અશ્વનીકુમાર–નવાગામ) ફા.પ્લોટ નં. ૧૦૬ તથા ૧૦૭ માટે "એફ–ફોર્મ" માં ભૂલ સુધારવા બાબત.

**સંદર્ભ:**– (૧) અરજદાર શ્રી નરેન્દ્ર ગણપતરામ ઘંટીવાલાની તા.૨૯–૦૪–૧૩ની અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રીના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૫૯, તા.૨૧–૦૬–૧૩.

(૩) જાહેર માહિતી અધિકારી અનેડેપ્યુટી આર્કિટેકટશ્રીના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૮૯, તા.૨૯–૦૬–૧૩.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૪–૦૭–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં. ૨૦.

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૩૦, તા. ૨૬–૦૭–૧૩.

અરજદારશ્રી નરેન્દ્ર ગણપતરામ ઘંટીવાલાએ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૯–૦૪–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) થી ડેપ્યુટી આર્કિટેકટશ્રી અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૨૧–૦૬–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ થયેથી માંગેલ માહિતી પાઠવવામાં આવશે તેમ જણાવેલ. સંદર્ભ (૩) થી ડેપ્યુટી આર્કિટેકટશ્રી અને જાહેર માહિતી અધિકારીએ અરજદારને તા.૨૯–૦૬–૧૩ના રોજ જરૂરી નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ થયેથી માંગેલ માહિતીની નકલ આપવામાં આવેલ. સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૨૪–૦૭–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૪) હેઠળના પત્રથી અરજદારને તા.૨૬–૦૭–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૨૬–૦૭–૧૩ ના રોજ અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનીલભાઈ બી. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવા માટેના નીચે જણાવ્યા મુજબના કારણો જણાવેલ છે.**

" ટી.પી.સ્કીમ નં. ૪ (અશ્વનીકુમાર–નવાગામ)માં કોઈ જમીન સીટી સર્વે સામે ફાળવેલ નથી. દાવાઓ / મનાઈ અરજી નં. ૪૩૩/૨૦૧૧ જમીન ખરીદનારનું હિયરીંગ કાયદાના નિયમ મુજબ કરેલ નથી. કરાર પોલીસીમાં આપેલ અરજી ભાડૂતને આપેલ જવાબ, પેપરની જાહેરાતો વિગેરે આપેલ નથી."

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારશ્રી ધ્વારા આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગવામાં આવેલ તા.૨૯–૦૪–૧૩ની અરજી સંબંધિત અત્રેથી પાઠવેલ જવાબ સામે સંતુષ્ટ છે જે અંગે કોઈ રજુઆત નથી. પરંતુ ટી.પી.સ્કીમ નં. ૪(અશ્વનીકુમાર

–નવાગામ) ફા.પ્લોટ નં. ૧૦૬–૧૦૭ માટે યોજના વેરીડ કરવાના પ્રકરણો તથા ઉપસ્થિત થયેલ સ્પે.દિ.મુ. નં. ૪૩૩/૨૦૧૨ બાબતે રજુઆત કરવામાં આવેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારશ્રી આરટીઆઈના જવાબથી સંતુષ્ટ છે. જે માટે કોઈ હરકત સરખુ નથી. વધુમાં, અરજદારશ્રી ધ્વારા અપીલની સુનવણીમાં આરટીઆઈ એકટ હેઠળ માહિતી માંગવાની અરજીમાં પુછવામાં આવેલ / માંગવામાં આવેલ માહિતી સિવાય અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવેલ હોય, ટી.પી.સ્કીમ નં. ૪ (અશ્વનીકુમાર–નવાગામ) ફા.પ્લોટ નં. ૧૦૬–૧૦૭ના વેરીએશન પ્રકરણે અલગથી વેરીએશન માટે અરજી કરી રજુઆત કરવા જણાવેલ.

**–: હુકમ :–**

અરજદારની આર.ટી.આઈ. અરજી હેઠળ માંગેલ માહિતી તેમજ પ્રથમ અપીલ અરજી હેઠળ માંગેલ માહિતી વચ્ચે સુસંગતતા જણાતી નથી. અરજદારે પ્રથમ અપીલ અરજીથી માંગેલ માહિતીનો ઉલ્લેખ તેઓની તા. ૨૯–૦૪–૧૩ થી આરટીઆઈ એકટ હેઠળ માંગેલ માહિતીમાં નથી. જેથી જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા તેની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં, અરજદારે આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ તમામ માહિતી તેઓને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા આપવામાં આવેલ છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (ત્રણ) અન્વયે

ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર–૧૮ ગાંધીનગર–૩૮૨૦૧૮ લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

(૩૦)

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br>SMC/DTP/FAP/ /2012-13<br>Dt: -07-13 |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદાર: શ્રી નાગરભાઈ નાનજીભાઈ ચૌહાણ**

**સામાવાળા: જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ), ટાઉન પ્લાનીંગ ખાતુ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય:–** આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ મુજબ માહિતી માંગવા બાબત આઈ.ડી.નં.: ૪૭૧, તા.૨૮/૦૫/૨૦૧૩.

**સંદર્ભ:–** (૧) અરજદારશ્રી નાગરભાઈ નાનજીભાઈ ચૌહાણની **અરજી આઈ.ડી.નં.: ૪૭૧,** તા.૨૮/૦૫/૨૦૧૩.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ)નો તા.૨૦/૦૬/૨૦૧૩ નો પત્ર નં.: ટીપીડી/આર.ટી.આઈ./આ./૨૫૮, તા.૦૩/૦૭/૨૦૧૩.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ)નો તા.૦૩/૦૭/૨૦૧૩ નો પત્ર નં.: ટીપીડી/આર.ટી.આઈ./આ./૩૦૦.

(૪) અરજદારશ્રીની જાહેર માહિતી અધિકારીશ્રીને ઉદ્દેશીને કરેલ તા.૧૦/૦૭/૨૦૧૩ ની અરજી.ઈ.નં.: ૧૪૬.

(૫) અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૩૭૯, તા.૨૦/૦૭/૨૦૧૩.

અરજદારશ્રી નાગરભાઈ નાનજીભાઈ ચૌહાણ ધ્વારા ઉપરોકત વિષય હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન તરફથી તબદીલ થઈ ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(A), ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૩૦/૦૫/૨૦૧૩ ના રોજ મળેલ. જે અનવયે સંદર્ભ (૨) હેઠળના પત્રથી નિયમ મુજબ ભરપાઈ કરવાની રકમ અંગે જણાવી સંદર્ભ (૩) હેઠળના પત્રથી તે મુજબની માહિતી પાઠવવામાં આવેલ. અત્રેથી પાઠવેલ માહિતીથી નારાજગી વ્યકત કરતી સંદર્ભ (૪) હેઠળની અરજી અરજદારશ્રી ધ્વારા કરવામાં આવતા તેને અપીલ અરજી તરીકે ગ્રાહય રાખી સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રીને તા.૩૦/૦૭/૨૦૧૩ ના રોજ રૂબરૂ સુનવણી માટે હાજર રહેવાની જાણ કરવામાં આવેલ.

તા.૩૦/૦૭/૨૦૧૩ ના રોજ અરજદાર/અપીલકર્તાશ્રી નાગરભાઈ નાનજીભાઈ ચૌહાણ, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(A) એ.એમ.ગઢવી, આસી.ઈજનેર ઉદય વસાવા સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**<u>–:: સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવા માટેના નીચે જણાવ્યા મુજબના કારણો જણાવેલ છે::–</u>**

"પેરા નં.: (૧) અને (૫) બાબતમાં જે વિગતો લખી છે તે ખોટી છે તે ખરી વિગતો આપવા બાબત."

**સુનવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે જણાવ્યા મુજબની રજુઆત કરેલ**

(૧) મુદ્દા નં. (૧) અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર/માહિતી અંગે સ્પષ્ટતા કરવા.

(૨) મુદ્દા નં. (૫) થી માંગવામાં આવેલ માહિતી વિભાગના જાવક રજીસ્ટર તપાસી પાઠવી આપવા બાબત.

**સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે જણાવ્યા મુજબની રજુઆત કરેલ**

મુદ્દા નં.: (૧) અન્વયે પાઠવવામાં આવેલ માહિતી સાચી છે તથા મુદ્દા નં.: (૫) થી અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી મુજબનું જાવક રજીસ્ટર અલગથી નિભાવવામાં આવતુ નથી.

## –: હુકમ :–

અરજદારશ્રીને મુદ્દા નં.: (૫) અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર/માહિતી અન્વયે અસંતોષ હોય ટાઉન પ્લાનીંગ વિભાગના વર્ષ–૨૦૦૨ પછીના તમામ જાવક રજીસ્ટર રૂબરૂમાં નિરીક્ષણ કરવા સારૂ બતાવવા માટે હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**ટાઉન પ્લાનર (એ)**

# ટાઉન પ્લાનીંગ ખાતુ

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br>**SMC/DTP/FAP/ /2013-14**<br>**Dt: -08-13** |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદારઃ** **શ્રી નરેશભાઈ એન. બથવાર**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ) અશોકભાઈ એમ. ગઢવી,**

**જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(આર) આર.પી.પટેલ,**

**જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર વિજયભાઈ દેસાઈ,**

**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– જમીન નિયોજકના સંપાદન કાયદામાં અલગ અલગ રીતે ઉપયોગ કરીને ભારતીય બંધારણના આર્ટીકલ–૧૪ અને ૧૬ ના ભંગ અંગેની માહિતી બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૧૨–૦૬–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના તા. ૨૫–૦૬–૧૩ તથા તા.૨૭–૦૬–૧૩ ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૭૦ તથા ૨૮૨.

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર)ના તા.૦૪–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૩૦૯.

(૪)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)ના તા.૦૮–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૩૨૧.

(૫)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૦૭–૦૮–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૨૧/૧૩–૦૮–૧૩

(૬) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૩૩, તા. ૧૭–૦૮–૨૦૧૩.

(૭) અરજદારશ્રીનો તા. ૨૨–૦૮–૨૦૧૩નો પત્ર જા. નં. સી.સી.સી./સેન્ટ્રલ ઝોન/જા. નં. ૬૬૫.

(૮) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/૩૬, તા. ૨૬–૦૮–૨૦૧૩.

અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર ઉપરોક્ત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૪–૦૬–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા અરજદારને તા.૨૭–૦૬–૧૩ના રોજ મુદ્દા નં. ૧, ૨ અને ૪ની સંપૂર્ણ તેમજ મુદ્દા નં. ૩ ની અંશતઃ માહિતી પાઠવેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર)એ સંદર્ભ (૩) થી અરજદારને તા. ૦૪–૦૭–૧૩ના રોજ તેમજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)એ સંદર્ભ (૪) થી અરજદારને તા. ૦૮–૦૭–૧૩ના રોજ મુદ્દા નં. ૩ અંગે પ્રત્યુત્તર પાઠવેલ. સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૦૭–૦૮–૧૩ ના રોજની પ્રથમ અપીલ અરજી અત્રેના ખાતાને તા.૧૩–૦૮–૧૩ના રોજ મળેલ. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારને તા.૨૩–૦૮–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. સંદર્ભ (૭) હેઠળના પત્રથી અરજદારશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર "સેન્ટ્રલ ઝોનના આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ના નમુના–કમાં આઈ.ડી.નંબર જણાવેલ ન હોવાથી" પત્રમાં જણાવ્યા મુજબ બીજીવાર સદર અપીલની સુનાવણી અંગે ફરીથી બોલાવવા રજુઆત કરેલ. સંદર્ભ (૮) ના પત્રથી અરજદારને ફરીથી તા. ૦૨–૦૯–૨૦૧૩ના રોજ રૂબરૂ સુનાવણી માટે બોલાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" જમીન નિયોજકના સંપાદન કાયદામાં અલગ અલગ રીતે ઉપયોગ કરીને ભારતીય બંધારણના આર્ટીકલ–૧૪ અને ૧૬ ના ભંગ અંગે (મુદ્દા નં. ૧ થી ૪)" ની જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના તા. ૨૫–૦૬–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૨૭૦, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર)ના તા.૦૪–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૦૯ તેમજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)ના તા.૦૮–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૨૧ના નિર્ણયથી નારાજ થઈ અપીલ કરેલ છે.

તા.૦૨–૦૯–૧૩ ના રોજ અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ) અશોકભાઈ એમ. ગઢવી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(આર) આર.પી. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી સંદર્ભ હેઠળની અરજીના મુદ્દા નં. ૪ અન્વયે ગરીબ– ગભરૂ ખેડૂત / જમીન માલિકની જગ્યાનો કબ્જો બળપૂર્વક લેવામાં આવેલ છે કે કેમ ?

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ માહિતીનો જવાબ / સ્પષ્ટતા / કારણો જવાબ સહિતની વિગતો / સ્પષ્ટતાની માંગણી કરેલ છે. તે આર.ટી.આઈ એકટમાં નિયત કરવામાં આવેલ માહિતીની વ્યાખ્યા / ફલકમાં આવતુ ન હોય, જવાબ / સ્પષ્ટતા આપવાની રહેતી નથી.

–: <u>હુકમ</u> :–

અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી અન્વયે પીપલોદ વિસ્તાર એટલે કે સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન, ટાઉન પ્લાનીંગખાતાને લગતી મુદ્દા નં. ૧ અને ૨ ની સંપૂર્ણ માહિતી અને મુદ્દા નં. ૩ ની અંશતઃ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરએ તા.૨૭–૦૬–૧૩ના રોજ પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૨૮૨ થી અરજદારને પુરી પાડવામાં આવેલ. તથા મુદ્દા નં. ૪ અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા ધ્યાને લેતાં કોઈ વિગતો આપવાની રહેતી નથી. વધુમાં મુદ્દા નં. ૩ ની બાકીની આંશિક માહિતી ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ માહિતી પૈકીની કતારગામ ઝોન વિસ્તારની વિગતો આપવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ)ને તથા સેન્ટ્રલ ઝોન વિસ્તારની વિગતો આપવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર)ને આથી આ હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

અપીલ અધિકારી અને

નગર નિયોજક(એ)

સુરત મહાનગરપાલિકા

| પ્રથમ અપીલ હુકમ નં.<br><br>SMC/DTP/FAP/<br>/2013-14<br><br>Dt: -08-13 |
|---|
| ટાઉન પ્લાનર(બી) |

**અરજદારઃ** **શ્રી નરેશભાઈ એન. બથવાર**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(જી) અશ્વિનભાઈ કે. ટેલર,**

**જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ અનિલભાઈ બી. પટેલ,**

**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– જમીન નિયોજકના સંપાદન કાયદામાં અલગ અલગ રીતે ઉપયોગ કરીને ભારતીય બંધારણના આર્ટીકલ–૧૪ અને ૧૬ ના ભંગ અંગેની માહિતી બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી નરેશભાઈ એન. બથવારની તા.૧૨–૦૬–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના તા.૧૦–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૨૮.

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા.૧૫–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૯.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૦૭–૦૮–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૨૧/૧૩–૦૮–૧૩

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૩૩, તા. ૧૭–૦૮–૨૦૧૩.

(૬) અરજદારશ્રીનો તા. ૨૨–૦૮–૨૦૧૩નો પત્ર જા. નં. સી.સી.સી./સેન્ટ્રલ ઝોન/જા. નં. ૬૬૫.

(૭) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/૩૬, તા. ૨૬–૦૮–૨૦૧૩.

અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૪–૦૬–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે અરજદારને તા.૧૦–૦૭–૧૩ના રોજ તેમજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે સંદર્ભ (૩) થી અરજદારને તા. ૧૫–૦૭–૧૩ના રોજ મુદ્દા નં. ૩ અંગે પ્રત્યુત્તર પાઠવેલ. સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૦૭–૦૮–૧૩ ના રોજની પ્રથમ અપીલ અરજી અત્રેના ખાતાને તા.૧૩–૦૮–૧૩ના રોજ મળેલ. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને તા.૨૩–૦૮–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રી ધ્વારા જણાવ્યા અનુસાર "સેન્ટ્રલ ઝોનના આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ના નમુના–કમાં આઈ.ડી.નંબર જણાવેલ ન હોવાથી" પત્રમાં જણાવ્યા મુજબ બીજીવાર સદર અપીલની સુનાવણી અંગે ફરીથી બોલાવવા રજુઆત કરેલ. સંદર્ભ (૭) ના પત્રથી અરજદારને ફરીથી તા. ૦૨–૦૯–૨૦૧૩ના રોજ રૂબરૂ સુનાવણી માટે બોલાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" જમીન નિયોજકના સંપાદન કાયદામાં અલગ અલગ રીતે ઉપયોગ કરીને ભારતીય બંધારણના આર્ટીકલ–૧૪ અને ૧૬ ના ભંગ અંગે (મુદ્દા નં. ૧ થી ૪)ની જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના તા.૧૦–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૨૮ તેમજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા.૧૫–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૯ ના નિર્ણયથી નારાજ થઈ અપીલ કરેલ છે."

તા.૦૨–૦૯–૧૩ ના રોજ અરજદારશ્રી નરેશભાઈ એન. બથવાર અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(જી) અશ્વિનભાઈ કે. ટેલર, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ અનિલભાઈ બી. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી સંદર્ભ હેઠળની અરજી અન્વયે જમીન નિયોજકના સંપાદન કાયદામાં અલગ અલગ રીતે ઉપયોગ કરીને ભારતીય બંધારણના આર્ટીકલ–૧૪ અને ૧૬ ના ભંગ અંગેની મુદ્દા નં. ૧ થી ૪ ની માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ માહિતી અસ્પષ્ટ જણાતી હોય, જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા માહિતી અપાયેલ ન હોય, પરંતુ રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારની રજુઆત બાદ અરજદારની આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. ૧ થી ૩ પીપલોદ એટલે કે અઠવા ઝોનને લગતી હોય, સદર મુદ્દાની માહિતી સ્પર્શતી ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારની આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં. ૪ અન્વયે માંગવામાં આવેલ માહિતી ઉપલબ્ધ નથી. અરજદારને જરૂરી જવાબ પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૨૮, તા.૧૦–૦૭–૧૩ તથા પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૯, તા.૧૫–૦૭–૧૩ થી પાઠવેલ છે.

**–: <u>હુકમ</u> :–**

અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ માહિતીના મુદ્દા નં. ૧ થી ૩ પીપલોદ વિસ્તાર એટલે કે અઠવા ઝોનને લગતી હોય તેમજ પ્રસ્તુત જાહેર માહિતી અધિકારીશ્રીઓ એટલે કે ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (જી) અને ડેપ્યુટી આર્કિટેકટરશ્રીના કાર્યક્ષેત્ર હેઠળ ન આવતો હોય, માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ માહિતીના મુદ્દા નં.૪ અંગે માંગવામાં આવેલ માહિતી ઉપલબ્ધ નથી તથા અરજદારને ડેપ્યુટી આર્કિટેકટશ્રી અને જાહેર માહિતી અધિકારીશ્રીએ પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૨૮, તા.૧૦–૦૭–૧૩થી જાણ કરેલ છે તેમજ ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(જી) અને જાહેર માહિતી અધિકારીશ્રીએ પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૪૯, તા.૧૫–૦૭–૧૩ થી જાણ કરેલ છે. આ બાબતે ઉપસ્થિત રહેલ અરજદારને સમજણ આપવામાં આવેલ છે. મુદ્દા નં. ૪ અન્વયે અરજદારને માહિતી ઉપલબ્ધ ન હોય તો તેની જાણ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હકીકત ધ્યાને લઈ, અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

અપીલ અધિકારી અને

નગર નિયોજક(બી)

સુરત મહાનગરપાલિકા

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/**<br>**/2013-14**<br><br>**Dt: -09-13** |
| **ટાઉન પ્લાનર(બી)** |

**અરજદાર:** **શ્રી રજનીકાંત છબીલદાસ પટેલ**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(સી) એસ.ડી.બંગલાવાળા, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય:**– મોજે: બમરોલી, સર્વે નં. ૧૩૪ના બિનઅધિકૃત બાંધકામ અંગેની વિગત આપવા બાબત.

**સંદર્ભ:**–(૧)અરજદારશ્રી રજનીકાંત છબીલદાસ પટેલની તા.૧૨–૦૬–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી)ના તા.૧૧–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૩૩૬.

(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૬–૦૮–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૨૨/૧૭–૦૮–૧૩

અરજદારશ્રી રજનીકાંત છબીલદાસ પટેલ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૮–૦૬–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા અરજદારને તા.૧૧–૦૭–૧૩ના રોજ પ્રત્યુત્તર

પાઠવેલ. સંદર્ભ (પ) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૬–૦૮–૧૩ ના રોજની પ્રથમ અપીલ અરજી અત્રેના ખાતાને તા.૧૭–૦૮–૧૩ના રોજ મળેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

મોજેઃ બમરોલી, સર્વે નં. ૧૩૪ના બિનઅધિકૃત બાંધકામ અંગે મુદ્દા નં. ૧ થી ૧૭ ની વિગત આપવા બાબત.

**–: હુકમ :–**

અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૧૧–૦૭–૧૩ના રોજ પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૩૬ થી અરજદારને અત્રેના વિભાગને કોઈ માહિતી લાગુ પડતી નથી, એમ પ્રત્યુત્તર પાઠવેલ. પરંતુ મુદ્દા નં. ૧૧ ટાઉન પ્લાનીંગ ખાતાને લાગુ પડતી હોય, મુદ્દા નં. ૧૧ અંગેની વિગતો આર.ટી.આઈ એકટની કલમ–૭/૬ હેઠળ વિના મુલ્યે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી)ને દિન–પમાં આપવા આથી હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/**<br>**/2013-14**<br><br>**Dt: -09-13** |
| --- |
| **ટાઉન પ્લાનર(બી)** |

**અરજદારઃ** **શ્રી નાસીરખાન સીમેન્ટવાલા**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(જી) અશ્વિન કે. ટેલર,**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– લીંબાયત ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં. ૭ (આંજણા) શિવશકિત એકસપ્રેસ ટ્રાન્સપોર્ટની સામે સાંઈ ખટીક ટેક્ષ. ની બાજુમાં, કમેલા દરવાજા મેઈનરોડ, સુરત ખાતે આવેલ ૨/૧૪૮૨ વાળી મિલ્કતની બાજુમાં થઈ રહેલ ગેરકાયદે બાંધકામ બાબતે સંપૂર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલાની તા.૦૨–૦૫–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૦–૦૫–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૪૩.

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા.૧૦–૦૫–૧૩ના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૪૩/૧.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૦૨–૦૯–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૨૫/૦૩–૦૯–૧૩

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૩૯, તા.૦૭–૦૯–૨૦૧૩.

અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૭–૦૫–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા અરજદારને તા.૧૦–૦૫–૧૩ના રોજ મુદ્દા નં. ૯ અને ૧૧ની માહિતી અંગે પ્રત્યુત્તર પાઠવેલ. સંદર્ભ (૩) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા અરજદારને તા.૧૦–૦૫–૧૩ના રોજ મુદ્દા નં. (૧) થી (૮) અને (૧૦)ની સંપૂર્ણ તેમજ મુદ્દા નં. ૯ ની અંશતઃ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી, જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન, જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી, સાઉથ ઈસ્ટ (લીંબાયત) ઝોન, સુરતને તબદીલ કરેલ. સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૦૨–૦૯–૧૩ ના રોજની પ્રથમ અપીલ અરજી અત્રેના ખાતાને તા.૦૩–૦૯–૧૩ના રોજ મળેલ. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને તા.૧૬–૦૯–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

લીંબાયત ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં. ૭ (આંજણા) શિવશકિત એકસપ્રેસ ટ્રાન્સપોર્ટની સામે સાંઈ ખટીક ટેક્ષ. ની બાજુમાં, કમેલા દરવાજા મેઈનરોડ, સુરત ખાતે આવેલ ૨/૧૪૮૨ વાળી મિલ્કતની બાજુમાં થઈ રહેલ ગેરકાયદે બાંધકામ બાબતે મુદ્દા નં. ૧ થી ૧૧ ની માહિતી મેળવવા બાબતે આપશ્રીની તા.૦૧–૦૫–૧૩ની આઈ.ડી.નં. ........ની અરજીથી લીંબાયત ઝોન કચેરીમાં અરજી કરવામાં આવેલ. સદર અરજી લીંબાયત ઝોન કચેરી ધ્વારા તેમના પત્ર નં. .................................. લીંબાયત ઝોન/આ.નં./............, તા. ................ થી અત્રેની કચેરીમાં તબદીલ કરવામાં આવેલ. જે અત્રેના ખાતામાં તા.૦૧–૦૫–૧૩ ના રોજ મળેલ છે અને ટીડીઓ/આઈ.ડી. નં. .......... થી નોંધાયેલ છે. ટીડીઓ નં. ..............., તા. ૦૨–૦૬–૧૩ના રોજ કોઈ જવાબ આપેલ ન હોય, જે નિર્ણયથી નારાજ થઈ અપીલ કરેલ છે. (અરજદારે ખાલી જગ્યાઓમાં વિગતો લખેલ નથી.)

તા.૧૬–૦૯–૧૩ ના રોજ અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા સુનાવણી દરમ્યાન હાજર રહેલ નહી.

**–: હુકમ :–**

અરજદારની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ મુદ્દા નં.(૧) થી (૮), (૧૦)ની સંપૂર્ણ તથા મુદ્દા નં. (૯)ની અંશતઃ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી)એ તા.૧૦–૦૫–૧૩ના રોજ પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૧૪૩/૧થી જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી, જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી (સેન્ટ્રલ ઝોન) અને જાહેર માહિતી અધિકારી અને નાયબ ઈજનેરશ્રી (સાઉથ

ઈસ્ટ–લીંબાયત ઝોન)ને તબદીલ કરવામાં આવેલ. સદર મુદ્દાની માહિતી સ્પર્શતી ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારની આર.ટી.આઈ. અરજીના મુદ્દા નં.(૯)માં માંગવામાં આવેલ "બ–ફોર્મ"ની નકલ તેમજ મુદ્દા નં.(૧૧)માં માંગવામાં આવેલ ઓ.પી.નંબર અને એફ.પી.નંબર સંદર્ભે અરજદારને જરૂરી સ્પષ્ટતા કરી જરૂરી માહિતી મેળવી લેવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જી)ને દિન–૫માં પત્ર પાઠવવા આથી હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/**<br>**/2013-14**<br><br>**Dt:       -09-13** |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદારઃ** **શ્રી બાલચંદ મુળચંદ શાહ**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, વિજય બી. દેસાઈ,**

**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– ઉધના મેઈન રોડ ડિમોલીશન ગ્રસ્ત વ્યાપારીને ખાડી પૈકી સબ પ્લોટ નં. ૭ની જગ્યા ફાળવવામાં આવેલ છે. તેની પુરી રકમ ભરપાઈ થયેલ છે. માટે ઉકત જગ્યાનો સ્થળ પર માપ કરી આપવા બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી બાલચંદ મુળચંદ શાહની તા.૩૦–૦૫–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી, જુની. ઈજનેર, શહેર વિકાસ ખાતાનો પત્ર નં. ટીડીઓ/૩૪૩, તા.૦૫–૦૬–૧૩.

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરના તા. ૧૮–૦૭–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૩૭૧.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૧–૦૮–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૨૩/૨૧–૦૮–૧૩

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૪૦, તા.૧૦–૦૯–૨૦૧૩.

અરજદારશ્રી બાલચંદ મુળચંદ શાહ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૫–૦૬–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૩) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા અરજદારને તા.૧૮–૦૭–૧૩ના રોજ માંગેલ માહિતીની જરૂરી નકલ આપવામાં આવેલ. સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૨૧–૦૮–૧૩ ના રોજની પ્રથમ અપીલ અરજી અત્રેના ખાતાને તા.૨૧–૦૮–૧૩ના રોજ મળેલ.અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને તા.૧૭–૦૯–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના જે કારણો જણાવ્યા છે તે નીચે મુજબ છે.**

ઉધના મેઈન રોડ ડિમોલીશન ગ્રસ્ત વ્યાપારીને ખાડી પૈકી સબ પ્લોટ નં. ૭ની જગ્યા ફાળવવામાં આવેલ છે. તેની પુરી રકમ ભરપાઈ થયેલ છે. માટે ઉકત જગ્યાનો સ્થળ પર માપ કરી આપવા બાબત તેમજ સાઉથ ઝોન ધ્વારા આર.ટી.આઈ.ની માહિતી પુરી પાડેલ નથી. તે બાબતે અપીલ કરેલ છે.

તા.૧૭–૦૯–૧૩ના રોજ અપીલની મુકરર કરેલ તારીખ અને સમયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, હાજર રહેલ. પરંતુ અરજદાર બાલચંદ મુળચંદ શાહ સુનવણીમાં હાજર રહેલ નહી.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા અરજદારશ્રી બાલચંદ મુળચંદ શાહની સંદર્ભ (૧) અન્વયેની આર.ટી.આઈ એકટ હેઠળની અરજી અન્વયે અરજદારને સંદર્ભ (૩) હેઠળના પત્રથી માહિતી પુરી પાડવામાં આવેલ હોવાની રજુઆત કરેલ છે અને વધુમાં જણાવેલ કે, અરજદારને સાઉથ ઝોન કચેરી તરફથી માહિતી મળેલ નથી. તેની સામે વાંધો છે તેમજ મધ્યસ્થ ટાઉન પ્લાનીંગના જમીન–મિલ્કત ધ્વારા અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેથી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ ખાતાના જમીન–મિલ્કત વિભાગ ધ્વારા અરજદારને હવે કોઈ માહિતી, અરજદારની

અપીલની રજુઆતો તથા જાહેર માહિતી અધિકારીની સ્પષ્ટતા અને રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

–: <u>હુકમ</u> :–

અરજદારની સંદર્ભ (૧) હેઠળની આર.ટી.આઈ. એકટ હેઠળની અરજીના અનુસંધાને સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેથી અરજદારને હવે કોઈ માહિતી પાઠવવાની રહેતી નથી.

ઉપર મુજબ હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/ /2013-14**<br><br>**Dt: -09-13** |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદાર: શ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા**

**સામાવાળા: જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(આર), આર. પી. પટેલ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષયઃ**– સુરત મહાનગરપાલિકા તા.૩૦–૧૦–૧૦ના પત્રથી જી.ડી.સી.આર.માં ફેરફાર કરવા બાબતે સરકારશ્રીના શ.વિ.ના સંદર્ભના પત્રની નકલ, વોર્ડ નં. ૪/૨૧૯૦ થી ૨૭, ૨૧૯૧ થી ૨૨૦૬ વાળી મિલ્કતોમાં પી–૧૩ થી પબ્લીક સ્કુલ રીઝર્વેશન હેઠળ સમાવિષ્ટ જગ્યા સંપાદન ધારા હેઠળ સંપાદન કરવાની કાર્યવાહી તેમજ વોર્ડ નં. ૪/૨૧૯૧ થી ૨૨૦૬ વાળી મિલ્કતને લાગુ કિનખાવાલાની ગલી વાળા રોડની એલાઈમેન્ટની વિગત આપવા બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળાની તા.૧૮–૦૭–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા.૦૩–૦૮–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૪૨૭.

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા.૧૭–૦૮–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૪૭૪.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૭–૦૮–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૨૪/૨૯–૦૮–૧૩

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૩૮, તા.૦૭–૦૯–૨૦૧૩.

અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૩–૦૭–૧૩ ના રોજ મળેલ. સંદર્ભ (૨) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા અરજદારને તા.૦૩–૦૮–૧૩ના રોજ મુદ્દા નં. ૧ થી ૪ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી, સુરતને તબદીલ કરેલ. સંદર્ભ (૩) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા અરજદારને તા.૧૭–૦૮–૧૩ના રોજ મુદ્દા નં. ૫ થી ૭ અને ૯ની માહિતી અંગે પ્રત્યુત્તર પાઠવેલ. સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૨૭–૦૮–૧૩ ના રોજની પ્રથમ અપીલ અરજી અત્રેના ખાતાને તા.૨૯–૦૮–૧૩ના રોજ મળેલ.અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને તા.૨૦–૦૯–૧૩ ના રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ માહિતીના મુદ્દા નં. ૧ થી ૮ અન્વયે નારાજ થઈ અપીલ અરજી કરેલ છે."

તા.૨૦–૦૯–૧૩ ના રોજ અરજદારશ્રી પિંકલ પ્રફુલચંદ્ર ઘીવાળા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર), આર.પી.પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ નહી. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર)ને અપીલ બાબતે જવાબ / સ્પષ્ટતા / પુરાવા બાબતે તા.૨૩–૦૯–૨૦૧૩ના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/ આ/૪૩૩૮ તથા તા.૨૫–૦૯–૨૦૧૩ના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૯૫ થી જણાવવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર) ધ્વારા તા.૨૬–૦૯–૨૦૧૩ના પત્રથી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં. ૧, ૩ અને ૪ માટે જાહેર માહિતી અધિકારી અને પ્રવર નગર નિયોજક, સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરીટીને તબદીલ કરેલ છે તથા મુદ્દા નં. ૮ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારીને તબદીલ કરેલ છે. મુદ્દા નં. ૭ માં રસ્તારેખા બાબતેની વિગત જણાવવામાં આવેલ છે તથા મુદ્દા નં. ૬ માં ફાઈલનું અવલોકન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**–: હુકમ :–**

અરજદારની સંદર્ભ (૧) હેઠળની આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી અન્વયે સંદર્ભ (૨) હેઠળના પત્રથી મુદ્દા નં. ૧ થી ૪ બાબતે નાયબ શહેર વિકાસ અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી(મધ્યસ્થ)ને તબદીલ કરવામાં આવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી મુદ્દા નં. ૫, ૬, ૭ અને ૯ ની જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ. મુદ્દા નં. ૬ અન્વયેની કલમ–૭(૩)ના નિયમ–૫ મુજબ ફાઈલ અવલોકન કરવા માટે તેમજ મુદ્દા નં. ૭ અન્વયેની અધુરી માહિતી અરજદારને પુરી પાડવા, મુદ્દા નં. ૧, ૩ અને ૪ અન્વયે જાહેર માહિતી અધિકારી અને પ્રવર નગર નિયોજકશ્રી, સુડાભવનને તબદીલ તથા મુદ્દા નં. ૮ અન્વયે જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારીશ્રીને તબદીલ કરવા આવશે. આમ, મુદ્દા નં. ૧,૩, ૪ અને ૮ માટે હાલના તબકકે અરજી તબદીલ કરવામાં આવેલ છે, તે ખુબ જ વિલંબિત કાર્યવાહી થયેલ જણાય છે. મુદ્દા નં. ૭ ની માહિતી પણ અગાઉ આપી શકાય તેમ હતી. પરંતુ , અરજદાર ધ્વારા અપીલ કર્યા પછી હાલના તબકકે વિલંબથી માહિતી આપવામાં આવેલ છે. જે વહીવટી તેમજ કાયદાની દષ્ટિએ યોગ્ય ન હોવાનું જણાય છે અને તેના માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર)ને ભવિષ્યમાં તકેદારી રાખવા ચેતવણી આપવામાં આવે છે તેમજ રેકર્ડ / ફાઈલના અવલોકન માટે અરજદારને તાત્કાલિક સમય ફાળવી રેકર્ડ / ફાઈલ બતાવવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

(૩૭)

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/ /2013-14**<br><br>**Dt: -09-13** |
| **ટાઉન પ્લાનર(બી)** |

**અરજદારઃ** **શ્રીમતી કેતના પ્રશાંતભાઈ શ્રોફ**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનિલભાઈ બી. પટેલ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** પ્રેરણાનગર સોસાયટી, તાડવાડી, રાંદેર રોડ, સુરત જેનો જુનો સર્વે નં. ૨૬/એ હતો. જે બદલીને ૯૭ થયેલ છે તે સોસાયટીને લગતો ઈન્ક્રીમેન્ટલ કોમ્ટ્રીબ્યુશન વસુલ કરવાની નોટીસ જેનો આઉટવર્ડ નં.૭૧૨, તા.૧૧–૦૭–૧૩ છે તે અંગેની તથા તેને લગતી મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતી બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદાર શ્રીમતી કેતના પ્રશાંતભાઈ શ્રોફની તા.૧૧–૦૯–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના તા. ૧૯–૦૯–૧૩નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૫૭૮.

(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૯–૦૯–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૨૭/૨૧–૦૯–૧૩

(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૪૫, તા. ૨૬–૦૯–૨૦૧૩.

અરજદાર શ્રીમતી કેતના પ્રશાંતભાઈ શ્રોફ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૨–૦૯–૧૩ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ(૨) થી અરજદારને તા.૧૯–૦૯–૧૩ના રોજ મુદ્દા નં. ૧, ૨, ૪, ૫ અને ૮ ની માહિતી નાણા ભરપાઈ થયેથી આપવામાં આવશે, તેમ જણાવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૧૯–૦૯–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૩૦–૦૯–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" પ્રેરણાનગર સોસાયટી, તાડવાડી, રાંદેર રોડ, સુરત જેનો જુનો સર્વે નં. ૨૬/એ હતો. જે બદલીને ૯૭ થયેલ છે તે સોસાયટીને લગતો ઈન્ક્રીમેન્ટલ કોમ્ટ્રીબ્યુશન વસુલ કરવાની નોટીસ જેનો આઉટવર્ડ નં.૭૧૨, તા.૧૧–૦૭–૧૩ છે તે અંગેની તથા તેને લગતી મુદ્દા નં. ૧ થી ૮ ની માહિતીથી નારાજ થઈ અપીલ કરેલ છે."

તા.૩૦–૦૯–૧૩ ના રોજ અરજદાર શ્રીમતી કેતના પ્રશાંતભાઈ શ્રોફ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનિલભાઈ બી. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

"આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ માહિતીના મુદ્દા નં. ૬ અને ૭ અન્વયેની માહિતી પુરી પાડેલ નથી. તે બાબતે અપીલ કરેલ છે તથા બાકીની માહિતી માટે જાહેર માહિતી અધિકારીશ્રીના તા. ૧૯–૦૯–૧૩ના પત્ર નં. ટીપીડી/ આરટીઆઈ/૫૭૮ અન્વયે નાણાં ભરી માહિતી લઈ જવાની સંમતિ દર્શાવેલ."

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ(૨) થી અરજદારને તા.૧૯–૦૯–૧૩ના રોજ મુદ્દા નં. ૧, ૨, ૪, ૫ અને ૮ ની માહિતી નાણા ભરપાઈ થયેથી આપવામાં આવશે, તેમ જણાવેલ. મુદ્દા નં.(૬) અને (૭)ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (રાંદેર ઝોન)ને સ્પર્શતી હોય, સદર મુદ્દાની માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમ રજુઆત કરેલ તથા પ્રથમ અરજી જાહરે માહિતી અધિકારીશ્રી, ડે.ઈજનેરશ્રી રાંદેર ઝોન પાસેથી જ તબદીલ થઈને આવેલ ફરીથી તબદીલ કરેલ નથી, તેમ જણાવેલ.

–: **હુકમ** :–

આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગતી અરજીના મુદ્દા નં. ૧, ૨, ૪, ૫ અને ૮ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ તરફથી અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ હોય તેમજ તે બાબતે અરજદારને કોઈ તકરાર કે વાંધો નથી.

પ્રથમ અપીલ અરજીના મુદ્દા નં.(૬) અને (૭)ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (રાંદેર ઝોન)ને સ્પર્શતી હોય, સદર મુદ્દાની માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તદુપરાંત, તા. ૩૦/૦૯/૨૦૧૩ના પત્ર નં. ટીપીડી/આ/૪૪૭૩ થી અપીલ અધિકારીશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રી (રાંદેર ઝોન)ને જણાવવામાં આવેલ.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/ /2013-14**<br><br>**Dt: -09-13** |
| **ટાઉન પ્લાનર(બી)** |

**અરજદાર:** **શ્રી કિશોરચંદ્ર ડી. જરીવાલા**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનિલભાઈ બી.પટેલ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય:–** સિધ્ધનાથ મહાદેવ સોસાયટી ટી.પી. ૧૪ (રાંદેર–અડાજણ) રે.સ.નં. ૨૩૯/પૈકી, એફ.પી. નં. ૨૦ ની મુદ્દા નં. ૧ થી ૫ ની તમામ ડોકયુમેન્ટ આપવા બાબત.

**સંદર્ભ:**–(૧)અરજદાર શ્રી કિશોરચંદ્ર ડી. જરીવાલાની તા.૨૭–૦૮–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના તા. ૧૦–૦૯–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૪૩.

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના તા. ૧૬–૦૯–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૬૯.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૦૮–૧૦–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૩૨/૦૯–૧૦–૧૩

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૧, તા. ૧૦–૧૦–૨૦૧૩.

અરજદારશ્રી કિશોરચંદ્ર ડી. જરીવાલા ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૪–૦૯–૧૩ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ(૨)થી અરજદારને તા.૧૦–૦૯–૧૩ના રોજ મુદ્દા નં. ૨ થી ૪ ની માહિતી નાણા ભરપાઈ થયેથી આપવામાં આવશે, તેમ જણાવેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ(૩) થી અરજદારને તા.૧૬–૦૯–૧૩ના રોજ મુદ્દા નં. ૨ થી ૪ ની માહિતી નાણા ભરપાઈ કરેલ હોય, આપવામાં આવેલ. સંદર્ભ (૪) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૯–૧૦–૧૩ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૧૫–૧૦–૧૩ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૫૦૧ની માહિતીના મુદ્દા નં. ૫ ની માહિતી અસ્પષ્ટ હોવાથી પત્ર નં. ૫૪૩/તા.૧૦–૦૯–૨૦૧૩ ધ્વારા મળેલ માહિતીને સ્પષ્ટતા આપવા બાબતે અપીલ અરજી કરેલ છે."

તા.૧૫–૧૦–૧૩ ના રોજ અરજદાર શ્રી કિશોરચંદ્ર ડી. જરીવાલા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનિલભાઈ બી. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ:–**

"આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ માહિતીના મુદ્દા નં. ૫ અન્વયેની માહિતી બાબતે સ્પષ્ટતા કરવા બાબતે રજુઆત કરેલ છે."

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ:–**

અરજદારને મુદ્દા નં. ૨ થી ૪ અંગેના અત્રેથી આપવામાં આવેલ જવાબ સામે વાંધો નથી. પરંતુ મુદ્દા નં. ૫ માં માહિતીની સ્પષ્ટતા થતી નથી તે મુજબનો જવાબ આપેલ છે. જે અંગે અરજદારે તેમના તા.૨૭–૦૯–૨૦૧૩ થી સ્પષ્ટતા કરી અપીલ કરેલ છે. આથી અત્રેથી કોઈ રજુઆત કરવાની રહેતી નથી.

**–: હુકમ :–**

પ્રથમ અપીલ અરજી આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી તરીકે માન્ય રાખી મુદ્દા નં. ૫ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટને દિન–૫માં પત્ર પાઠવવા આથી હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/ /2013-14**<br><br>**Dt: -09-13** |
| **ટાઉન પ્લાનર(બી)** |

**અરજદારઃ** **શ્રી ધનસુખભાઈ નાથુભાઈ પટેલ**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનિલભાઈ બી.પટેલ,**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** સુરત જિલ્લાના તા.સુરત સીટીનાં મોજે : ગામ મગોબના બ્લોક નં. ૯૩, ૧૦૭/૨, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૨, તથા ૧૩૪/૧/૨ વાળી ખેતીની જમીન જેનો સમાવેશ ટી.પી.સ્કીમ નં. ૫૩ (મગોબ–ડુંભાલ)માં થયેલ છે તેની વિગતવાર માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી ધનસુખભાઈ નાથુભાઈ પટેલ ની તા.૧૯–૦૮–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના તા. ૨૧–૦૯–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૮૭

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના તા. ૨૧–૦૯–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૮૮.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૭–૦૯–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૩૧/૦૩–૧૦–૧૩

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૧, તા. ૧૦–૧૦–૨૦૧૩.

અરજદારશ્રી ધનસુખભાઈ નાથુભાઈ પટેલ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૩–૧૦–૧૩ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ(૨)થી અરજદારને તા.૨૧–૦૯–૧૩ના રોજ મુદ્દા નં. ૧ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(જમીન–મિલ્કત વિભાગ)ને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે સંદર્ભ(૩) થી અરજદારને તા.૨૧–૦૯–૧૩ના રોજ મુદ્દા નં. ૧,૩ થી ૮ ની તેમજ મુદ્દા નં ૨ ની આંશિક માહિતી આપવામાં આવેલ. સંદર્ભ (૪) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૩–૧૦–૧૩ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૧૫–૧૦–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૪૫૮ની માહિતી નિયત સમયમર્યાદામાં મળેલ ન હોવાથી તેમજ નિયમ મુજબ માહિતી વિનામુલ્યે આપવા અપીલ કરેલ છે."

તા.૧૫–૧૦–૧૩ ના રોજ અરજદાર શ્રી ધનસુખભાઈ નાથુભાઈ પટેલ વતી તેમના ભાણેજ શ્રી દિલીપભાઈ ડી. પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી, અનિલભાઈ બી. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

"આર.ટી.આઈ. એકટ હેઠળ માંગેલ માહિતી નિયત સમયમર્યાદામાં મળેલ ન હોય, એ બાબતે રજુઆત કરેલ છે."

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારને અપીલ અધિકારીશ્રીએ સમજણ આપી કે, ટાઉન પ્લાનીંગ ખાતાને વરાછા ઝોન તરફથી તા.૦૩–૧૦–૨૦૧૩ના રોજ તબદીલ થઈને અરજી મળેલ છે. તે તબદીલ થયેલ તે તારીખથી ૩૦ દિવસની

મર્યાદામાં જવાબ આપવાનો રહે. જે અન્વયે ટાઉન પ્લાનીંગ ખાતાના જાહેર માહિતી અધિકારીશ્રીએ તા.૨૧–૦૯–૨૦૧૩ના રોજ માહિતી સમયમર્યાદામાં આપેલ છે. જે બાદ કોઈ અલગથી રજુઆત રહેતી નથી.

–: **હુકમ** :–

આર.ટી.આઈ. એકટ હેઠળની અરજી ટાઉન પ્લાનીંગ ખાતાને તબદીલ થયા બાદ ૩૦ દિવસની સમયમર્યાદામાં માહિતી આપવાની હોય, એવી સમજણ અરજદારશ્રીને આપવામાં આવેલ તેમજ મુદ્દા નં. ૮ અંગેની માહિતી આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ની માહિતીના વ્યાખ્યામાં આવતી ન હોય, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટશ્રી ધ્વારા અરજદારને હવે કોઈ માહિતી પાઠવવાની રહેતી નથી.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

| પ્રથમ અપીલ હુકમ નં. |
|---|
| SMC/DTP/FAP/ /2013-14 Dt: -10-13 |
| ટાઉન પ્લાનર(એ) |

**અરજદાર:** **શ્રી મો. સલીમ મો. શફી ટેલર તરફે તેના વાલી લુબ્નાબાનુ મોહંમદ સલીમ ટેલર**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર),**

**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય:**– શહેર સુરતના ચોકબજાર કમાલગલીમાં આવેલ વોર્ડ નં. ૧૦, નોંધ નં. ૨૨૬૨, ૨૨૬૩, ૨૩૫૬, ૨૩૫૭, ૨૩૬૨ વાળી મિલ્કતોમાં મુકવામાં આવેલ અને અમલ કરવામાં આવેલ એલાઈમેન્ટ અંગેની વિગતો આપવા બાબત

**સંદર્ભ:**–(૧)અરજદારશ્રી મો. સલીમ મો. શફી ટેલરની તા.૩૦–૦૮–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૦૫–૦૯–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૩૫.

(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૦૪–૧૦–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૨૯/૦૫–૧૦–૧૩

(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૪, તા.૧૫–૧૦–૨૦૧૩.

અરજદારશ્રી મો. સલીમ મો. શફી ટેલર ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૩–૦૯–૧૩ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અનેડેપ્યુટી ટાઉન પ્લાનરે સંદર્ભ(૨)થી અરજદારને તા.૦૫–૦૯–૧૩ના રોજ મુદ્દા નં. ૧ થી ૩ની માહિતી માહિતી આપવામાં આવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૫–૧૦–૧૩ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૨૩–૧૦–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગવા માટે આપેલી તા.૩૦–૦૮–૧૩ના રોજ આઈ.ડી. નં. ૧૧૭૫ની અરજીના અનુસંધાનમાં તા.૦૫–૦૯–૧૩ ના રોજ નં. ટીપીડી/આર.ટી.આઈ./૫૩૫ થી આપવામાં આવેલ માહિતીમાં વોર્ડ નં. ૧૦, નોંધ નં. ૨૨૬૨, ૨૨૬૩, ૨૩૫૬, ૨૩૫૭, ૨૩૬૨ વાળી મિલ્કતોની સંપાદિત થયેલ જમીનનો એવોર્ડ આપવા સંબંધિત આજ દિન સુધી શું કાર્યવાહી થઈ છે તેની માહિતી આપવામાં આવી નથી તેમજ માંગ્યા મુજબની અમુક માહિતી ખોટી આપી છે તથા અમુક માહિતી આપી નહી હોવાથી તે વિરુધ્ધ અપીલ કરેલ છે."

તા.૨૩–૧૦–૧૩ ના રોજ અરજદાર શ્રી મો. સલીમ મો. શફી ટેલર તરફે તેના વાલી લુબ્નાબાનુ મોહંમદ સલીમ

પિતા – મુસ્તાક અહંમદ અબ્દુલ કાદીર નુરાડોસા

ભાઈ – મોહંમદ સાદીક મુસ્તાક અહંમદ નુરાડોસા

વકીલ – વી. એલ. હિરપરા

તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર) સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારશ્રીએ રૂબરૂમાં જણાવ્યુ કે, આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી માંગતી અરજી અન્વયે વોર્ડ નં. ૧૦, નોંધ નં. ૨૨૬૨, ૨૨૬૩, ૨૩૫૬, ૨૩૫૭, ૨૩૬૨ વાળી મિલ્કતોની સંપાદિત થયેલ જમીનનો એવોર્ડ આપવા સંબંધિત આજ દિન સુધી શું કાર્યવાહી થઈ છે તેની માહિતી આપવામાં આવી નથી તે મુજબ રજુઆત કરેલ છે.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારશ્રીઓએ મિલ્કતનો કબ્જો સુરત મહાનગરપાલિકાને સોંપેલ ન હોવાથી વળતર ચુકવણી અંગે આગળની કાર્યવાહી થઈ શકી નથી. વળતર ચુકવવા માટેની માલિકોની અરજી, કબ્જા રસીદ તેમજ પ્રોપર્ટી કાર્ડની નકલ ટાઉન પ્લાનીંગ ખાતામાં રજુ કરવા એપેલન્ટશ્રીને જણાવવામાં આવેલ. મિલ્કતનું વળતર પ્રોપર્ટી કાર્ડમાં જે નામો હશે તેમને ચુકવવામાં આવશે તેવી પણ સમજ આપવામાં આવેલ છે.

**–: હુકમ :–**

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૧૧૭૫ થી માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર)ને અરજદારશ્રી ધ્વારા વોર્ડ નં. ૧૦, નોંધ નં. ૨૨૬૨, ૨૨૬૩, ૨૩૫૬, ૨૩૫૭, ૨૩૬૨ વાળી મિલ્કતોની પ્રોપર્ટી કાર્ડની નકલો, કબ્જા રસીદો તેમજ વળતર માટેની અરજી સુરત મહાનગરપાલિકાને કર્યા બાદ મિલ્કતનું વળતર સમયસર ચુકવવા હુકમ કરવામાં આવે છે. વળતરની ચુકવણી માટેની પ્રક્રિયાની તથા અરજદારે રજુ કરવા જોગ પુરાવાઓ સહિતની અરજીની વિગતવાર આપવામાં આવેલ સમજથી તેમને જરૂરી વિગતો મળેલ છે. તથા હવે આ બાબતે તેમની કોઈ ફરીયાદ રહેતી નથી, તેવુ અરજદારના પ્રતિનિધિઓએ રૂબરૂમાં જણાવેલ છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

| પ્રથમ અપીલ હુકમ નં. SMC/DTP/FAP/ /2013-14 Dt: -10-13 |
|---|
| ટાઉન પ્લાનર(એ) |

**અરજદારઃ** **શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (આર), ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** બાર ફુટ ઓવર બ્રીજના કોન્ટ્રાકટમાં કરોડોનું કૌંભાડ કરનારાઓનો પર્દાફાસની મુદ્દા નં. ૧ થી ૧૧ની માહિતી મેળવવા બાબત.

**સંદર્ભઃ–**(૧)અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૧૫–૦૭–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૪–૦૯–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૨૮/૨૬–૦૯–૧૩.

(૩) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૪૮, તા. ૦૧–૧૦–૨૦૧૩.

(૪)અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારના તા.૧૪–૧૦–૧૩ના પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/ઈનવર્ડ નં ૨૮.

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૩, તા. ૧૫–૧૦–૨૦૧૩.

(૬) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૫, તા. ૧૮–૧૦–૨૦૧૩.

અરજદારશ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૦–૦૭–૧૩ના રોજ મળેલ. સંદર્ભ (૨) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરને તા.૨૪–૦૯–૧૩ ના રોજ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૩) હેઠળના પત્રથી અરજદારને તા.૧૪–૧૦–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. સદર દિને નિયત સમયે અરજદાર હાજર રહી શકયા ન હતા. પરંતુ, ત્યારબાદ બપોર પછીના સમય દરમ્યાન તેઓ રૂબરૂમાં આવ્યા હતા અને અરજદારશ્રીએ તા.૧૪–૧૦–૧૩ના સંદર્ભ (૪)થી "તા.૨૧–૧૦–૧૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે બોલાવશો એમાં અમો રૂબરૂ હાજર રહીશું." એમ જણાવેલ. સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારની રજુઆતને ગ્રાહય રાખી બીજીવાર તા.૨૧–૧૦–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ તથા સંદર્ભ(૬) હેઠળના પત્રથી અરજદારને તા.૨૧–૧૦–૧૩ ને બદલે તા.૨૨–૧૦–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. તા.૨૨–૧૦–૧૩ ના રોજ પણ અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર સુનાવણી દરમ્યાન હાજર રહેલ નહી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(આર) હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવા માટે નીચે જણાવ્યા મુજબના કારણો હોવાનું જણાવેલ છે.**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૮૦૯ થી માહિતીના મુદ્દા નં. ૧, ૫ અને ૯ અંગેના મુદ્દાનો જવાબ "

**જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (આર) ધ્વારા કરવામાં આવેલ રજુઆત :–**

સુરત શહેરમાં રસ્તાની ઉપર ફુટ ઓવર બ્રીજ બનાવવાના કોન્ટ્રાકટની તમામ કામગીરી સુરત મહાનગરપાલિકાના ટ્રાફિક સેલ ધ્વારા કરવામાં આવે છે. ટેન્ડર પ્રસિધ્ધ કરવા / સ્વીકારવા, ટેન્ડરની પસંદગી, એલોટમેન્ટ, સુપરવીઝન તથા અમલીકરણ સહિતની તમામ કાર્યવાહી ટ્રાફિક સેલ ધ્વારા કરવામાં આવે છે અને ટ્રાફિક સેલને મૂળ અરજી મોકલાવવામાં આવેલ જ છે. વળી, હાલના ફુટ ઓવર બ્રીજના કોન્ટ્રાકટની કોઈ કાર્યવાહી / રેકર્ડ ટાઉન પ્લાનીંગ ખાતામાં ન હોવાથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (આર) ધ્વારા ટાઉન પ્લાનીંગ ખાતાને કોઈ માહિતી આપવાની રહેતી નથી.

**–: હુકમ :–**

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૮૦૯ થી માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (ટ્રાફિક સેલ)ને સ્પર્શે છે તથા સદર કામગીરીને લગતી માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી ન હોવાથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (આર)એ માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરજદારશ્રીની પ્રથમ અરજી તથા અપીલ ટ્રાફિક સેલને મોકલવામાં આવેલ જ છે તેમ છતાં પણ કોઈ શરતચૂક અગર તો માહિતી બાકી હોય તો તે પૂરી પાડવા સારૂ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (ટ્રાફિક સેલ)ને માહિતી આપવા ફરીથી અરજી તથા અપીલ તબદીલ કરવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/ /2013-14**<br><br>**Dt: -10-13** |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદારઃ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ),એ. એમ. ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**–કોસાડ આવાસ કૌભાંડ અંગેની તપાસ નિવુત્ત જડજ પાસે કરાવવાનો ઠરાવ થયેલ તે ઠરાવની પ્રમાણિત નકલ તેમજ ઠરાવમાં ઠરાવેલ તમામ મુદદાઓ મુજબ થયેલ કાયવાહીની થયેલ નોંધ/નોંટીગ રીપોર્ટ સહિતની સમ્મપુર્ણ માહિતીની પ્રમાણિત નકલ પુરી પાડવા બાબત.(મુદ્દા નં. ૧ થી ૬)

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ની તા.૧૬–૯–૧૩ ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૧

(૩)ડેપ્યુટી કમિશનરે(પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ) ના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૬૬૯/૨

(૪)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર
નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૩

(૫)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર
નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૪

(૬)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર
નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૫

(૭)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર
નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૬

(૮)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ
તા.૧૭–૧૦–૧૩ની પ્રથમ અપીલ ઈ.નં.૩૪/૨૨–૧૦–૧૩

(૯) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬૧, તા.૨૫–૧૦–૨૦૧૩.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૯–૧૦–૧૩ના રોજ મળેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪–૧૦–૧૩ના રોજ સંદર્ભ(૨)થી અરજદારને મુદ્દા નં. (૧) ની માહિતી પાઠવેલ. ડેપ્યુટી કમિશનરશ્રી(પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ) ધ્વારા તા.૨૪–૧૦–૧૩ના રોજ ડેપ્યુટી કમિશનરશ્રીને સંદર્ભ(૩) હેઠળના પત્રથી મુદ્દા નં. (૨) ની માહિતી તબદીલ કરવામાં આવેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૪–૧૦–૧૩ના રોજ સીટી ઈજનેરશ્રીને સંદર્ભ(૪) હેઠળના પત્રથી માંગેલ માહિતી પૈકીની અંશતઃ માહિતી તબદીલ કરવામાં આવેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪–૧૦–૧૩ના રોજ સંદર્ભ(૫)થી માંગેલ માહિતી પૈકીની અંશતઃ માહિતી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેરશ્રી, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ડીપાટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ(૬)થી તા.૨૪–૧૦–૧૩ના રોજ મુદ્દા નં. ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ(૭)થી તા.૨૪–૧૦–૧૩ના રોજ મુદ્દા નં. (૩), (૪) અને (૬) ની માહિતી જાહેર માહિતી અધિકારી અને મ્યુનીસીપલ સેક્રેટરીશ્રીને તબદીલ કરવામાં આવેલ. સંદર્ભ (૮) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન

પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૨–૧૦–૧૩ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૯) હેઠળના પત્રથી અરજદારને તા.૩૦–૧૦–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. પરંતુ, અરજદાર સાથે ટેલીફોનીક ચર્ચા થયા મુજબ તા.૦૧–૧૧–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૧૨૭૬ની માહિતી મુદ્દા નં. (૧) સિવાય કોઈ માહિતી આપેલ નથી, જાણી જોઈને માહિતી છુપાવેલ હોય તેમજ માહિતી વિના મુલ્યે પુરી પાડવા અપીલ કરેલ છે."

તા.૦૧–૧૧–૧૩ ના રોજ અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) એ. એમ. ગઢવી વતી જુનિયર ઈજનેર ડી.સી.જીનવાલા.સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજીના મુદ્દા નં. ૨ અન્વયે ઠરાવની કાયવાહીની નોંધ/નોટીંગ રીપોર્ટની નકલ મળેલ નથી. મુદ્દા નં. ૩, ૪ અને ૬ ની માહિતી સ્થાયી સમિતિમાં આવે છે તેમજ મુદ્દા નં. ૫ ની માહિતી મળી ગયેલ છે.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૧૨૭૬ની મુદ્દા નં. (૨) અન્વયે ઠરાવની ફાઈલ/રેકર્ડ અત્રેના ખાતામાં ઉપલ્બધ ન હોવાથી તેની વિગતો પુરી પાડવા અરજદારશ્રીને અરજી ડેપ્યુટી કમિશનરશ્રીને તબદીલ કરવામાં આવે છે. મુદા નં. ૫ ની માહિતી અત્રેના ખાતાને સ્પર્શતી ન હોય,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ છે.

**–: હુકમ :–**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૧૨૭૬ની મુદ્દા નં. ૫ ની માહિતી ટાઉન પ્લાનીંગ ખાતાને સ્પર્શતી ન હોય,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ છે. જેથી,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર શ્રી ધ્વારા અરજદારને માહિતી પાઠવવાની રહેતી નથી. અરજદારને મુદ્દા નં. (૩),(૪) અને (૬)ની વિગતો સ્થાયી સમિતિ ઠરાવ અંગેની હોય તથા હવે આ બાબતે તેમની કોઈ ફરીયાદ રહેતી નથી, તેવુ અરજદારે રૂબરૂમાં જણાવેલ છે તેમજ મુદ્દા નં. (૨) ની ઠરાવ અન્વયે જે માહિતી આપવાની થાય છે તે તમામ રેકર્ડ સહિતની ફાઈલ ઈન્કવાયરી માટે મોકલી આપવામાં આવેલ છે તથા ટાઉન પ્લાનીંગ ખાતા પાસે ઉપલબ્ધ ન હોવાથી અરજદારને આપી શકાયેલ નથી. પરંતુ ફાઈલ પરની માહિતી અરજદારને આપવાપાત્ર છે તો જે પણ ખાતા / અધિકારીના તાબામાં ફાઈલ / મૂળ રેકર્ડ હોય, તેમને જાણ કરવી તથા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી આપવી ફરજીયાત જણાતી હોય, રેકર્ડ પરની નકલો મોકલી આપવા જણાવવુ અને નકલ મંગાવીને અરજદારને પુરી પાડવી અગર તો પુરી પાડવા સંબંધિત ખાતા / અધિકારીને જણાવવુ તેમજ આ માહિતી વિનામુલ્યે અરજદારને તાકીદે દિન–૧૦(દસ)માં પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

| પ્રથમ અપીલ હુકમ નં. |
|---|
| SMC/DTP/FAP/ /2013-14 |
| Dt: -10-13 |
| ટાઉન પ્લાનર(બી) |

**અરજદારઃ** **શ્રી અરૂણ એસ પાઠક**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, એસ.ડી.બંગલાવાલા, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ**– ઉધના ઉધોગ નગર સંઘ રોડ નં. ૦ અક્ષર શોપીંગ સેન્ટરથી સંજયનગર ઝુંપડપટ્ટી સુધીના મંજુર જાહેર માર્ગમાં આવેલ તમામ મિલ્કતોને સુરત મહાનગરપાલિકા ધ્વારા આજ દીન સુધી સને–૧૯૯૪ થી ૨૦૧૩ સુધી માં જે કંઈ પણ નોટીસો આપવામાં આવેલ હોય તેમજ નોટીસોના અનુસંધાને આજદીન સુધી જે કંઈ પણ કાર્યવાહી કરવામા આવેલ હોય, તેની સંપુર્ણ માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી અરૂણ એસ પાઠક ની તા.૧૨–૦૯–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૪–૧૦–૧૩નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૬૪૧

(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૨–૧૦–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૩૫/૨૨–૧૦–૧૩

(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬૩, તા. ૨૫–૧૦–૨૦૧૩.

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬૫, તા. ૩૦–૧૦–૨૦૧૩.

અરજદારશ્રી અરૂણ એસ પાઠક ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૨–૦૯–૧૩ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૧૪–૧૦–૧૩ના રોજ સંદર્ભ(૨)થી અરજદારને મુદ્દા નં.૨ની માહિતી પાઠવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૨–૧૦–૧૩ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૩૦–૧૦–૧૩ ના રોજ સવારે ૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.પરંતુ તા.૩૦–૧૦–૧૩ના રોજ મોડા હાજર રહયા હતા અને અન્ય સમય / તારીખ આપવાની રજુઆત કરેલ. સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારની રૂબરૂ મુલાકાતની રજુઆતને ગ્રાહય રાખી સદર અપીલની સુનાવણી તા.૦૬–૧૧–૧૩ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૪૯૮/૬૦૦/૩૫૬૧ની માહિતી નિયત સમય ગાળા પછી અધુરી તથા ખોટી માહિતી આપેલ છે, જેથી અપીલ કરેલ છે."

તા.૦૬–૧૧–૧૩ના રોજ અરજદારશ્રી અરૂણ એસ. પાઠક હાજર રહેલ નહીં તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર એસ.ડી.બંગલાવાલા, સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ:–**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૪૯૮/૬૦૦/૩૫૬૧ની મુદા નં. (૧) ની માહિતી સાઉથ ઝોનને સ્પર્શતી હોય તેમજ મુદા નં. (૩) ની માહિતી અત્રેના ખાતાને સ્પર્શતી ન હોવાથી માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. "

**–: <u>હુકમ</u> :–**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૪૯૮/૬૦૦/૩૫૬૧ની મુદા નં. (૧) ની માહિતી સાઉથ ઝોનને સ્પર્શતી હોય તેમજ મુદા નં. (૩) ની માહિતી અત્રેના ખાતાને સ્પર્શતી ન હોય, જાહેર માહિતી

અધિકારી ધ્વારા સદર મુદાની માહિતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મુદ્દા નં. ૨ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ટાઉન પ્લાનર ધ્વારા આપવામાં આવેલ છે."

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br>**SMC/DTP/FAP/ /2013-14**<br>**Dt: -10-13** |
| **ટાઉન પ્લાનર(એ)** |

**અરજદારઃ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ),એ. એમ. ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**–કોસાડ આવાસ કૌભાંડ અંગેની તપાસ નિવુત્ત જડજ પાસે કરાવવાનો ઠરાવ થયેલ તે ઠરાવની પ્રમાણિત નકલ તેમજ ઠરાવમાં ઠરાવેલ તમામ મુદદાઓ મુજબ થયેલ કાયવાહીની થયેલ નોંધ/નોંટીગ રીપોર્ટ સહિતની સમ્મપુર્ણ માહિતીની પ્રમાણિત નકલ પુરી પાડવા બાબત.(મુદ્દા નં. ૧ થી ૬)

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ની તા.૧૬–૯–૧૩ ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૧

(૩)ડેપ્યુટી કમિશનરે(પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ) ના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૬૬૯/૨

(૪)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર
નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૩

(૫)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર
નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૪

(૬)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર
નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૫

(૭)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૪–૧૦–૧૩નો પત્ર
નં.ટીપીડી/આરટીઆઈ/૬૬૯/૬

(૮)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ
તા.૧૭–૧૦–૧૩ની પ્રથમ અપીલ ઈ.નં.૩૪/૨૨–૧૦–૧૩

(૯) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬૧, તા.૨૫–૧૦–૨૦૧૩.

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૯–૧૦–૧૩ના રોજ મળેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪–૧૦–૧૩ના રોજ સંદર્ભ(૨)થી અરજદારને મુદ્દા નં. (૧) ની માહિતી પાઠવેલ. ડેપ્યુટી કમિશનરશ્રી(પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ) ધ્વારા તા.૨૪–૧૦–૧૩ના રોજ ડેપ્યુટી કમિશનરશ્રીને સંદર્ભ(૩) હેઠળના પત્રથી મુદ્દા નં. (૨) ની માહિતી તબદીલ કરવામાં આવેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૨૪–૧૦–૧૩ના રોજ સીટી ઈજનેરશ્રીને સંદર્ભ(૪) હેઠળના પત્રથી માંગેલ માહિતી પૈકીની અંશતઃ માહિતી તબદીલ કરવામાં આવેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારીએ તા.૨૪–૧૦–૧૩ના રોજ સંદર્ભ(૫)થી માંગેલ માહિતી પૈકીની અંશતઃ માહિતી જાહેર માહિતી અધિકારી અને જુનીયર ઈજનેરશ્રી, વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ડીપાટમેન્ટને તબદીલ કરવામાં આવેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ(૬)થી તા.૨૪–૧૦–૧૩ના રોજ મુદ્દા નં. ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ. નાયબ નગર નિયોજક (એ) અને જાહેર માહિતી અધિકારીએ સંદર્ભ(૭)થી તા.૨૪–૧૦–૧૩ના રોજ મુદ્દા નં. (૩), (૪) અને (૬) ની માહિતી જાહેર માહિતી અધિકારી અને મ્યુનીસીપલ સેક્રેટરીશ્રીને તબદીલ કરવામાં આવેલ. સંદર્ભ (૮) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન

પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૨–૧૦–૧૩ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૯) હેઠળના પત્રથી અરજદારને તા.૩૦–૧૦–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. પરંતુ, અરજદાર સાથે ટેલીફોનીક ચર્ચા થયા મુજબ તા.૦૧–૧૧–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૧૨૭૬ની માહિતી મુદ્દા નં. (૧) સિવાય કોઈ માહિતી આપેલ નથી, જાણી જોઈને માહિતી છુપાવેલ હોય તેમજ માહિતી વિના મુલ્યે પુરી પાડવા અપીલ કરેલ છે."

તા.૦૧–૧૧–૧૩ ના રોજ અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(એ) એ. એમ. ગઢવી વતી જુનિયર ઈજનેર ડી.સી.જીનવાલા.સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજીના મુદ્દા નં. ૨ અન્વયે ઠરાવની કાયવાહીની નોંધ/નોટીંગ રીપોર્ટની નકલ મળેલ નથી. મુદ્દા નં. ૩, ૪ અને ૬ ની માહિતી સ્થાયી સમિતિમાં આવે છે તેમજ મુદ્દા નં. ૫ ની માહિતી મળી ગયેલ છે.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૧૨૭૬ની મુદ્દા નં. (૨) અન્વયે ઠરાવની ફાઈલ/રેકર્ડ અત્રેના ખાતામાં ઉપલબ્ધ ન હોવાથી તેની વિગતો પુરી પાડવા અરજદારશ્રીને અરજી ડેપ્યુટી કમિશ્નરશ્રીને તબદીલ કરવામાં આવે છે. મુદા નં. ૫ ની માહિતી અત્રેના ખાતાને સ્પર્શતી ન હોય,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ છે.

**–: હુકમ :–**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૧૨૭૬ની મુદ્દા નં. ૫ ની માહિતી ટાઉન પ્લાનીંગ ખાતાને સ્પર્શતી ન હોય,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન સેલને તબદીલ કરવામાં આવેલ છે. જેથી,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર શ્રી ધ્વારા અરજદારને માહિતી પાઠવવાની રહેતી નથી. અરજદારને મુદ્દા નં. (૩),(૪) અને (૬)ની વિગતો સ્થાયી સમિતિ ઠરાવ અંગેની હોય તથા હવે આ બાબતે તેમની કોઈ ફરીયાદ રહેતી નથી, તેવુ અરજદારે રૂબરૂમાં જણાવેલ છે તેમજ મુદ્દા નં. (૨) ની ઠરાવ અન્વયે જે માહિતી આપવાની થાય છે તે તમામ રેકર્ડ સહિતની ફાઈલ ઈન્કવાયરી માટે મોકલી આપવામાં આવેલ છે તથા ટાઉન પ્લાનીંગ ખાતા પાસે ઉપલબ્ધ ન હોવાથી અરજદારને આપી શકાયેલ નથી. પરંતુ ફાઈલ પરની માહિતી અરજદારને આપવાપાત્ર છે તો જે પણ ખાતા / અધિકારીના તાબામાં ફાઈલ / મૂળ રેકર્ડ હોય, તેમને જાણ કરવી તથા આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી આપવી ફરજીયાત જણાતી હોય, રેકર્ડ પરની નકલો મોકલી આપવા જણાવવુ અને નકલ મંગાવીને અરજદારને પુરી પાડવી અગર તો પુરી પાડવા સંબંધિત ખાતા / અધિકારીને જણાવવુ તેમજ આ માહિતી વિનામુલ્યે અરજદારને તાકીદે દિન–૧૦(દસ)માં પુરી પાડવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(એ)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br><br>**SMC/DTP/FAP/**<br>**/2013-14**<br><br>**Dt: -11-13** |
| **ટાઉન પ્લાનર(બી)** |

**અરજદાર:** **શ્રી કૃષ્ણકાંત બી. રાણીંગા**

**સામાવાળા:** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, એ. કે. ટેલર,**

**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષય:–** ટી.પી.સ્કીમ નં. ૬૧(પરવટ–ગોડાદરા)માં મોજે : દેવધ તરફ જતાં કેનાલ રોડની માહિતી આપવા બાબત. (મુદ્દા નં. ૧ થી ૪)

**સંદર્ભ:–**(૧)અરજદારશ્રી કૃષ્ણકાંત બી. રાણીંગાની તા.૨૩–૦૫–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૦–૦૯–૧૩નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૫૪૪

(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૮–૧૦–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૩૬/૨૫–૧૦–૧૩

(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૬૪, તા. ૨૯–૧૦–૨૦૧૩.

અરજદારશ્રી કૃષ્ણકાંત બી. રાણીંગા ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૨–૦૯–૧૩ના રોજ મળેલ. જાહેર માહિતી

અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૧૦–૦૯–૧૩ના રોજ સંદર્ભ(૨)થી અરજદારને મુદ્દા નં.૩ની માહિતી પાઠવેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૫–૧૦–૧૩ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૦૬–૧૧–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજીના મુદ્દા નં. ૧ થી ૪ નો જવાબ સંતોષકારક નથી અને જવાબ પુરો પાડવામાં આવેલ નથી. જેથી અપીલ કરેલ છે."

તા.૦૬–૧૧–૧૩ ના રોજ અરજદાર શ્રી કૃષ્ણકાંત બી. રાણીંગા હાજર રહેલ નહીં તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, એ. કે. ટેલર સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી અન્વયે મુદા નં.(૩) ની માહિતી અરજદારશ્રીને આપવામાં આવેલ છે."

**–: હુકમ :–**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી અન્વયે,

| | |
|---|---|
| **મુદા નં.(૧)** છે કે | મહારાણા પ્રતાપ નગર ચોકથી દેવધ વાળા નહેર રોડ ઉપર બનાવામાં આવેલ ડિવાઈડર ફાઈનલ કેમ? |
| **મુદા નં.(૨)** તેની વિગત ઝોન) થીઅરજદારને તપાસી લેવા" | દેવધવાળા રોડના મીડલમાં ડિવાઈડરની જગ્યા છોડીને સ્ટ્રીટલાઈટપોલ લગાડવામાં આવ્યા બાદ જગ્યા બદલીને ફેરફાર કરવામાં આવ્યા તેની માહિતી મુદ્દા નં. (૪) ટી.પી.૬૧માં ડીમોલેશનની વાર કારણો સાથેની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર (લિંબાયત જે.એલ.ભટ્ટના તા.૨૪–૦૬–૨૦૧૩ ના પત્ર ક્રમાંક : સા.ઈ.ઝોન/ ટેક/આ.ન.૧૭૧ "રજાના દિવસ સિવાય બપોર પછી ૪: ૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન ઉપલબ્ધ રેકર્ડ જણાવવામાં આવેલ. |
| **મુદા નં. (૩)** | ટી.પી.સ્કીમ નં. ૬૧(પરવટ–ગોડાદરા)માં મોજે : દેવધ તરફ જતાં કેનાલ રોડના લાઈન દોરીના કેન્દ્રબિંદુ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજક (ટાઉન પ્લાનીંગ) |

એ.કે.ટેલરના તા.૧૦–૦૯–૨૦૧૩ના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/૫૪૪ થી અરજદારને માહિતી આપવામાં આવેલ.

આસીસ્ટન્ટ ટાઉન પ્લાનર કિરણ સુમરાના જણાવ્યા મુજબ આર.ટી.આઈ.એકટની અરજીમાં ઉકત જણાવેલ મુદ્દા નં. (૧),(૨) અને (૪)ની માહિતી લિંબાયત ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની હોય, અત્રેથી જવાબ / પૂર્તતા કરવાની રહેતી નથી. જેથી અરજદાર ધ્વારા સદર મુદાઓની માહિતી માટે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી લીંબાયત ઝોનને રજુઆત કરવાની રહે છે. આમ, અત્રેના વિભાગને લગતી માહિતી અરજદારને પુરી પાડવામાં આવેલ હોય, અપીલ અરજી અન્વયે કોઈ માહિતી / પૂર્તતા કરવાની રહેતી નથી.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

| પ્રથમ અપીલ હુકમ નં. |
|---|
| SMC/DTP/FAP/ /2013-14 |
| Dt: -11-13 |
| ટાઉન પ્લાનર(બી) |

**અરજદારઃ** **શ્રીમતી વીરાબેન આડીલભાઈ કાપડીયા**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, એસ.ડી.બંગલાવાલા, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**– ટી.પી.સ્કીમ નં. ૫૮ (બમરોલી), બ્લોક નં.૧૧૭, ફા.પ્લોટ નં. ૧૮ બાબત (મુદ્દા નં. ૧ થી ૫).

**સંદર્ભઃ**–(૧)અરજદાર શ્રીમતી વીરાબેન આડીલભાઈ કાપડીયાની તા.૧૬–૦૮–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી.

(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૩–૦૯–૧૩નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૫૬૨.

(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૧૪–૧૦–૧૩નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૬૩૯.

(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૮–૧૦–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં.૩૭/૧૪–૧૧–૧૩

(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/ અપીલ/૭૧, તા.૧૬–૧૧–૨૦૧૩.

અરજદાર શ્રીમતી વીરાબેન આડીલભાઈ કાપડીયા ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૩–૦૮–૧૩ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૧૩–૦૯–૧૩ના રોજ સંદર્ભ(૨)થી અરજદારને મુદ્દા નં. ૧

થી ૫ની માહિતી પાઠવેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૧૪–૧૦–૧૩ના રોજ સંદર્ભ(૩)થી અરજદારને આપવાજોગ માહિતી / વિગતોની નકલ મોકલેલ. સંદર્ભ (૪) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૪–૧૧–૧૩ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૨૦–૧૧–૧૩ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી –

મુદ્દા નં. ૧ બાબતે કોઈ જવાબ / માહિતી આપેલ નથી.

મુદ્દા નં. ૨ બાબતે નકશાની નકલ આપેલ નથી.

મુદ્દા નં. ૩ બાબતે સંતોષકારક માહિતી આપેલ નથી.

મુદ્દા નં. ૪ બાબતે અંશતઃ માહિતી આપેલ છે.

મુદ્દા નં. ૫ બાબતે વિરોધાભાસી તેમજ બિનજવાબદાર રીતે વર્તીને જવાબ પાઠવેલ છે.

જેથી અપીલ કરેલ છે."

તા.૨૦–૧૧–૧૩ ના રોજ અરજદાર શ્રીમતી વીરાબેન આડીલભાઈ કાપડીયાના પ્રતિનિધિ તરીકે તેમના સંમતી પત્રક સાથે એડવોકેટ શ્રી ચેતન એ પટેલ હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, એસ.ડી. બંગલાવાલા સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

(૧)અરજદારના જણાવ્યા મુજબ તેમને મળેલ જવાબથી સંતોષ નથી. તેઓએ તા.૨૦–૦૩–૨૦૦૯ અને તા.૧૬–૦૧–૨૦૧૦ થી આપેલ અરજી અન્વયે શું કાર્યવાહી કરી તેની વિગતો માંગેલ. તેઓ તેમના ક્ષેત્રફળમાં જે ફેરફાર થયેલ છે તે કેમ થયેલ છે તે જાણવા માગે છે.

(૨) અરજદારે તેમને મળેલ જવાબથી સંતોષ નથી.તેઓના કહેવા મુજબ તેમને જે નકશાની નકલ આપવામાં આવેલ છે જે અધિકૃત નકશો નથી. તથા તેના આધારે ક્ષેત્રફળ આકારવામા આવેલ છે તેની ખાતરી થતી નથી.

(૩) અરજદારે ટી.પી. સ્કીમમાં સમાવિષ્ટ જમીનના ક્ષેત્રફળ ફેરફારમાં સુધારા કરાવવા શું કાર્યવાહી કરવી જે અંગેની માહિતી માગેલ.

(૪) ટી.પી.સ્કીમ અંગેના ક્ષેત્રફળ ફેરફાર કરવાની સત્તા હોય તેવા અધિકારીના નામ તથા હોદ્દાની વિગતો માગેલ.તેમને જે જવાબ મળેલ છે તેનાથી તેમને સંતોષ નથી.

(૫) વાંધા અરજી આવ્યેથી તેના નિકાલ કરવા અંગેની સમય મર્યાદા અંગેની માહિતીના જવાબથી તેઓને સંતોષ નથી. જેમાં સમય મર્યાદા જણાવેલ નથી. તેઓ એ મુદ્દા નં. (૧) માં દર્શાવેલ પત્રોના જવાબ એક મહિનાની સમય મર્યાદામા થયેલ નથી તેમ જણાવેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

(૧)અરજદારના બંને પત્રોના અનુસંધાને તા.૧૦–૦૬–૧૩ નો જવાબ કરવામાં આવેલ છે. જે તેઓને તા.૧૪–૧૦–૧૩ થી રૂ.૨/ નકલ ફી લઈ આપવામાં આવેલ છે.

(૨) ટી.પી.સ્કીમ બનાવતી વખતે કન્સલટન્ટ ધ્વારા તૈયાર કરવામાં આવેલ, ડી.આઈ.એલ.આર. મારફત સર્ટીફાઈડ કરીને કોમ્પ્યુટરાઈઝડ નકશો ખાતામાં આપેલ અને જેના આધારે ટી.પી.સ્કીમ નં. ૫૮ (બમરોલી) તથા અરજદારની જમીનનું ક્ષેત્રફળ ધ્યાને લીધેલ છે. તેની જ કોમ્પ્યુટર પરથી કાઢેલ નકશો તેઓને નકલ ફી રૂ.૪૨૨/ લઈને આર.ટી.આઈ.એકટ હેઠળ આપવામાં આવેલ છે. જેથી આપેલ નકશો બરાબર છે.

(૩) ડ્રાફટ ટી.પી. સ્કીમ બનાવતી વખતે ટી.પી. સ્કીમમાં સમાવિષ્ટ જમીનના ક્ષેત્રફળ ફેરફાર અંગેની રજુઆત/આધાર પુરાવા/સ્થળ સ્થિતિ ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવાની રહે છે.

(૪) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની જોગવાઈઓ અનુસાર ડ્રાફટ ટી.પી. સ્કીમ, પ્રિલીમીનરી ટી.પી. સ્કીમ તથા ફાઈનલ ટી.પી. સ્કીમ બનાવવામાં આવે છે. ટી.પી. સ્કીમમાં ઉકત દરેક તબકકામાં ક્ષેત્રફળ અંગે રેવન્યુ રેકર્ડ/આધાર પુરાવા/ સ્થળ સ્થિતિ ધ્યાને લઈ આયોજન કરવામાં આવે છે. આમ તબકકાવાર ટી.પી. સ્કીમ તૈયાર કરવામાં આવતી હોય તેમજ જે તે વખતે હોદ્દા પરના અધિકારી સહી સીકકા કરે છે. જેથી કોઈ વ્યકિતગત અધિકારીશ્રીના નામ તથા હોદ્દાની વિગતો આપવાની રહેતી નથી.

(૫) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની જોગવાઈઓ અનુસાર નગર રચના યોજનાનો મુસદો પ્રસિધ્ધ થયેથી વાધા અરજીઓ કરવાની ૧(એક) માસની નિયત સમય મર્યાદા રાખવામાં આવી છે. વધુમાં, મુસદ્દો પ્રસિધ્ધ થયેથી મહતમ ત્રણ માસમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે ડ્રાફટ ટી.પી.સ્કીમ સાદર કરવાની રહે છે. અરજદારની મુદ્દા નં. (૧) થી જણાવેલ અરજીઓ કાયદાની જોગવાઈ મુજબ ટી.પી.સ્કીમની માંગવામાં આવેલ વાંધા અરજીની સમય મર્યાદામા થયેલ નથી.

–: **<u>હુકમ</u>** :–

મુદ્દા નં.(૧) અરજદારે તા. ૨૦–૦૩–૦૯ તથા તા. ૧૬–૦૧–૧૦ ના રોજ કરેલ અરજીઓની ફાઈલની ચકાસણી કરવામાં આવેલ. જે મુજબ સદર અરજી અન્વયે અરજદારશ્રીને પાઠવવામાં આવેલ તા.૧૦–૦૬–૧૩ ના પત્રની પણ ચકાસણી કરેલ, અરજદાર ધ્વારા માંગણી કરવામાં આવેલ ઉકત પત્રની નકલ જરૂરી ફી ભરપાઈ કરીને આપવામાં આવેલ છે તથા તે સિવાય અન્ય કોઈ પત્ર ફાઈલ પર મળેલ ન હોય જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને આપેલ પત્રની નકલ બરાબર માલુમ પડેલ છે.

મુદ્દા નં.(૨) ટી.પી.સ્કીમ બનાવવા જમીનના ક્ષેત્રફળને આધાર તરીકે લેવામાં આવતુ રેકર્ડ અંગે અરજદારશ્રી ધ્વારા માગણી મુજબના "એફ" ફોર્મ તથા માર્સ કન્સલટન્ટ ધ્વારા તૈયાર કરવામાં આવેલ તેમજ ડી.આઈ.એલ.આર. શ્રી ધ્વારા પ્રમાણિત કરવામાં આવેલ સર્ટીફાઈડ નકશાની કોમ્પ્યુરાઈઝ પ્રિન્ટ જરૂરી ફી ભરપાઈ કરીને આપવામાં આવેલ છે, જે બરાબર છે તેમજ અરજદારને જરૂરી હોય તો સર્ટીફાઈડ કરી આપવાની તૈયારી દર્શાવેલ, ફાઈલ પરનો નકશો અને અરજદારને આપવામાં આવેલ નકશો એક સરખો હોવાની ખાતરી પણ કરવામાં આવેલ છે.

મુદ્દા નં.(૩) ટી.પી. સ્કીમમાં સમાવિષ્ટ જમીનના ક્ષેત્રફળ ફેરફાર અંગેની રજુઆત રેવન્યુ રેકર્ડ/આધાર પુરાવા/સ્થળ સ્થિતિ ધ્યાને લઈ આયોજન કરવામાં આવે છે. વધુમા ટી.પી. સ્કીમને સરકારશ્રી ધ્વારા ડ્રાફટની મંજુરી મળ્યેથી સરકારશ્રી ધ્વારા નિયુકત નગર રચના અધિકારીશ્રી સમક્ષ જરૂરી આધાર પુરાવા/રેવન્યુ રેકર્ડ સહિત રજુઆત કરી શકે છે, તે મુજબની સમજ અરજદારશ્રીને આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારને આર.ટી. આઈ.એકટ હેઠળ અન્ય કોઈ પુરાવા કે રેકર્ડ આપવાના થતા નથી.

મુદ્દા નં.(૪) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની જોગવાઈઓ અનુસાર ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ, પ્રિલીમીનરી ટી.પી. સ્કીમ તથા ફાઈનલ ટી.પી. સ્કીમ બનાવવામાં આવતી હોય છે. જે કામગીરી તબકકાવાર થતી હોય જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા જણાવ્યા મુજબ જે તે તબકકે હોદ્દા પરના અધિકારીઓ ધ્વારા સહી કરવામાં આવે છે, જે બરાબર છે.

મુદ્દા નં.(૫) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની જોગવાઈઓ અનુસાર નગર રચના યોજનાનો મુસદો પ્રસિધ્ધ થયેથી વાંધા અરજીઓ ૧ (એક) માસની નિયત સમય મર્યાદા રાખવામાં આવી છે.વધુમાં,મુસદ્દો પ્રસિધ્ધ થયેથી મહતમ ત્રણ માસમાં સરકારશ્રીમાં મંજુરી અર્થે ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ સાદર કરવાની રહે છે. જે લેખીતમાં જણાવેલ છે. તે બાબતની સમજણ અરજદારને આપવામાં આવેલ છે.

અરજદારની તમામ દલીલો સાંભળતા અરજદારને તેઓની જમીન ના ક્ષેત્રફળમાં વિસંગતતા બાબતે ફરીયાદ હોવાનુ ફલીત થાય છે. ક્ષેત્રફળને લગતા તમામ રેકર્ડ અરજદારને પુરા પાડવામાં આવેલ છે. જેથી આર.ટી.આઈ.એકટ હેઠળ અપીલ અરજી દફતરે કરવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબના હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**

**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

| |
|---|
| **પ્રથમ અપીલ હુકમ નં.**<br>**SMC/DTP/FAP/ /2013-14**<br>**Dt: -12-13** |
| **ટાઉન પ્લાનરશ્રી (એ)** |

**અરજદારઃ શ્રી શ્યામપ્રસાદ જૈન**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, ટાઉન પ્લાનીંગ ખાતુ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ–** આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ મુજબ માહિતી માંગવા બાબત આઈ.ડી.નં.: ૧૨૧/૬૦૦/ ૩૧૮૪, તા.૧૦/૦૫/૨૦૧૩.

**સંદર્ભઃ–** (૧) અરજદારશ્રી શ્યામપ્રસાદ જૈનની **અરજી આઈ.ડી.નં.:** ૧૨૧/૬૦૦/૩૧૮૪, તા.૧૦/૦૫/૨૦૧૩

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ)નો પત્ર નં.: ટીપીડી/આર.ટી. આઈ./ આ./૫૩૮, તા.૦૬/૦૯/૨૦૧૩.

(૩) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(એ)નો તા.૧૮/૧૦/૨૦૧૩ નો પત્ર નં.: ટીપીડી/આર.ટી.આઈ./આ./૬૪૮,

(૪) અરજદારશ્રીની જાહેર માહિતી અધિકારીશ્રીને ઉદ્દેશીને કરેલ તા.૦૬/૧૧/૨૦૧૩ ની સાઉથ ઝોનમાં કરેલ અરજી. સાઉથ ઝોન પ્રથમ અપીલ : ૨૬૬.

(૫) અત્રેની કચેરીનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ./અપીલ/૭૫, તા.૦૩/૧૨/૨૦૧૩.

અરજદારશ્રી શ્યામપ્રસાદ જૈનની તા.૦૬/૧૧/૨૦૧૩ ની પ્રથમ અપીલ અરજી સાઉથ ઝોન કચેરી ધ્વારા પત્ર નં.: સાઉથ ઝોન/ટેક./૧૨૯૧, તા.૨૮/૧૧/૨૦૧૩ ના રોજ અત્રે તબદીલ કરવામાં આવેલ છે. જે અત્રેના ખાતાને તા.૨૮/૧૧/૨૦૧૩ ના રોજ મળેલ છે. અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી અન્વયે સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને તા.૦૫/૧૨/૨૦૧૩ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ, પરંતુ સદરહુ દિને કોઈક કારણસર સુનવણી થઈ શકેલ નહી જેથી અરજદારશ્રીને ફરીથી તા.૦૯/૧૨/૨૦૧૩ ના રોજ સુનાવણીમાં હાજર રહેવા મૌખિક જણાવવામાં આવેલ.

તા.૦૯/૧૨/૨૦૧૩ ના રોજ અરજદાર/અપીલકર્તાશ્રી શ્યામપ્રસાદ જૈન જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી વિજયભાઈ દેસાઈ, આસી.ટાઉન પ્લાનરશ્રી પ્રિતેશ આર. પટેલ સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે જણાવ્યા મુજબની રજુઆત કરેલ**

(૧) મુદ્દા નં. (૨) અન્વયે પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર/માહિતી અંગે સ્પષ્ટતા કરવા.

(૨) મુદ્દા નં. (૪) થી હાઈકોર્ટમાં જે પાર્ટીએ કેસ કર્યો તેની નકલ આપેલ નથી. તેમજ સીલ ખોલાવવાની કાર્યવાહી કોણે કરી.

**સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે જણાવ્યા મુજબની રજુઆત કરેલ**

મુદ્દા નં.: (૨) અને (૪) અન્વયે અરજદારશ્રીને પાઠવવામાં આવેલ માહિતી સાચી છે. તેમજ અરજદારશ્રીને તેમની સંદર્ભ (૧) હેઠળની આર.ટી.આઈ. અરજી અન્વયે માહિતીના પેપર્સ પુરા પાડવામાં આવેલ છે.

# **—: હુકમ :—**

અરજદારશ્રી શ્યામપ્રસાદ જૈનની મુળ અરજી તથા અપીલ અરજીના મુદ્દાઓ ધ્યાને લેવામાં આવેલ છે. **અપીલ અરજીમાં અરજદારે અનુક્રમ નં.: ૮ માં અપીલના કારણમાં જણાવેલ છે કે,**

